**સમાનો મન્ત્રઃ** (ઋગ્વેદ) **સમાની પ્રપા** (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૩ જૂન : ૨૦૦૯ અંક : ૧૨

**: પરામર્શનસમિતિ :**

**નારાયણ દેસાઈ**
પ્રમુખ

**ભોળાભાઈ પટેલ**
વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય

**ભારતી ર. દવે**
પ્રકાશનમંત્રી

**: તંત્રી :**
યોગેશ જોષી

**: સહતંત્રી :**
પ્રફુલ્લ રાવલ

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ m ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com




## અ નુ ક્ર મ

**પરિષદ-પ્રમુખનો પત્ર** નારાયણ દેસાઈ

**કવિતા** ગંગા ગંગા થૈ ગયાં • ચિનુ મોદી, મધુમાલતી • ઉષા ઉપાધ્યાય, બે કાવ્યો • નલિન રાવળ, મને સપનાં ન આપ • સોનલ પરીખ

**સમીક્ષા/ગ્રંથાવલોકન** ગ્રામચેતના એટલે નિજબોધની કવિતા • મણિલાલ હ. પટેલ, 'Hi & Bye !' અંગ્રેજી કાવ્યસંગ્રહ વિશે નિરંજન ભગત, આવું તે કેમ ચાલે ? • હરિકૃષ્ણ પાઠક, થોડી નિરાશા • હિમાંશી શેલત, પત્રકાર થવા ઇચ્છુકોનું બાઇબલ • યૉસેફ મૅકવાન

**પરિષદ બંધારણસુધારણા** મનસુખ સલ્લા

**પરિષદવૃત્ત** સંકલન : અનિલા દલાલ

**સાહિત્યવૃત્ત** સંકલન : પ્રફુલ્લ રાવલ

**આવરણચિત્ર** અમૃતલાલ વેગડ

# પરબ

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને ‘પરબ’ના લવાજમ અંગે :**

- ‘પરબ’ દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ‘પરબ’ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં ‘પરબ’ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ‘પરબ’ લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- ‘પરબ’માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, ‘પરબ’ ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯



## પરિષદ-પ્રમુખનો પત્ર

વિવિધતામાં એકતા એ આપણા દેશની એક ખૂબી છે. અનેક ધર્મો, અનેક ભાષાઓ, અનેક પ્રકારની આબોહવા, અનેક પ્રકારના પહેરવેશ, ખોરાકમાં ભારે વિવિધતા, લગન, મરણ, પૂજનની વિધિઓમાં જાતજાતની ભિન્નતા છતાં આસેતુ હિમાચલ સુધી બધી વિવિધતાઓ વચ્ચેથી વહેતી એકતાની ધારા એ જ આપણી ભારતીયતા. જેમ એકતાનું મહત્ત્વ સમજવાની જરૂર છે, તેમ વિવિધતાનું મહત્ત્વ પણ કાંઈ ઓછું નથી. જેમ એકતાના ભાવ વિના ભારતીયતા ન આવે, તેમ વિવિધતા વિનાય ભારતીયતા ન બને. સર્વધર્મોનો સમાદરભાવે સમાવેશ, સર્વભાષાઓનો સમાગમ આપણને અસલી ભારતીય બનાવે છે.

ગિરા ગુર્જરીને જો વિશ્વગુર્જરી બનાવવી હશે તો આપણે એને સારુ અનેક પ્રકારના પુરુષાર્થ કરવા પડશે. આપણી ભાષાની વિવિધ બોલીઓ, છટાઓ, શૈલીઓનો સમાવેશ ને સમન્વય કરી ગુજરાતીને જેટલી સમરસ કરીશું તેટલી તે ખરી ગુજરાતી બનશે.

બીજું પગલું છે ગુજરાતીને ભારતના વૈવિધ્યથી સમ્પન્ન બનાવવાનું. ભારતની સમગ્ર સંસ્કૃતિને આપણી ભાષા જેટલી આત્મસાત્ કરી શકશે એટલા આપણે વિશ્વસ્તરીણ બનવાને સારુ યોગ્ય બનશું. વિશ્વગુર્જરી બનવાનું વચલું પગથિયું ભારતીય ગુર્જરી બનવાનું છે.

આ કામ અનેક રીતે, અનેક છેડાઓથી કરવાનું છે. વિભિન્ન ભાષાના સાહિત્યકારોના મિલન, આન્તરભારતી ઉત્સવો, વિભિન્ન પ્રદેશોની સાહિત્યયાત્રાઓ, બીજા પ્રદેશોમાંથી આપણે ત્યાં ગુજરાતીનો જ વિશેષ અભ્યાસ કરતા ઉચ્ચશિક્ષણના વિદ્યાર્થીઓ અને આપણે ત્યાંથી એ જ રીતે અન્ય ભારતીય ભાષાઓનો ઉચ્ચકક્ષાનો અભ્યાસ કરવા જઈ શકે એવી વ્યવસ્થા ઊભી કરવી, વગેરે સંખ્યાબંધ કામો કરવા જેવાં છે. આમાંનાં કેટલાંક આજે પણ થાય છે. તેને વધુ સુનિયોજિત અને સુગ્રથિત કરવા જેવાં છે. પણ આ પત્રમાં તો મારે મુખ્યત્વે ભાષાન્તરો, તેમાંયે બીજી ભારતીય ભાષાઓમાંથી ગુજરાતી ભાષામાં કરવાનાં ભાષાન્તરો વિષે કેટલાક વિચારો વહેતા મૂકવા છે. આપણી ભાષામાં આપણા દેશની બધી ભાષાનું ઉત્તમ સાહિત્ય અનુવાદ સ્વરૂપે અવતરે એ જરૂરી છે. બેએક દાયકા પહેલાં બંગાળી, મરાઠી અને હિંદી સાહિત્યનાં ઘણાં ઉત્તમ પુસ્તકો આપણે ત્યાં આવ્યાં. પણ હાલમાં એ ગતિ થોડી મંદ પડી ગઈ છે. અને એનો અર્થ એ નથી કે એ ભાષાઓમાં ઉત્તમ સાહિત્ય સર્જાતું નથી. એ તો આપણે ત્યાંની ભાષાન્તર વિષેની શિથિલતા જ સૂચવે છે. અંગ્રેજીનું ઉત્તમ સાહિત્ય ગુજરાતીમાં ઊતરવું જ જોઈએ. પણ એટલાથી સમાધાન કરીને બેસી ન રહેવાય. ગુજરાતી ભાષાએ પોતાની પ્રગતિ અર્થે જે અનેક પગલાં ભરવા જેવાં છે, તેમાં એક મહત્ત્વનું પગલું ભારતના ઉત્તમ સાહિત્યને ગુજરાતી વાચક પાસે પહોંચાડવાનું છે. એ વાત તો કોઈ હિસાબે વિસારી ન શકાય તેવી છે.

આ કામની શરૂઆત ‘પરબ’માં દર અંકે ઓછામાં ઓછી એક કૃતિ ભારતની અન્ય ભાષામાંથી સીધી ગુજરાતીમાં ઉતારીને કરવી જોઈએ. ગુર્જરભારતીના સમગ્ર કાર્યક્રમનાં કેટલાંક અન્ય બિંદુઓ નીચે મુજબનાં હોઈ શકે :

(અ) અત્યાર સુધીમાં ગુજરાતી ભાષામાં બીજી ભારતીય ભાષાઓમાંથી અનુવાદિત

થઈને આવેલા સાહિત્યની પ્રારંભિક સૂચિ બનાવવી. આ કામમાં કોઈ ગ્રંથાલયો, શોધસંસ્થાઓ કે રસ ધરાવનાર સાહિત્યરસિકો લાગી શકે. આ યાદી કદાચ તરતોતરત સંપૂર્ણ ન બને, અને એ આગળ ઉપર વધતી રહે. પણ જો આપણને એક વાર એ વાતનો અંદાજ આવી જાય કે અનુવાદ બાબત ભૂતકાળમાં કેટલું અને કેવું કામ થઈ ચૂક્યું છે, તો ભવિષ્યમાં કેવા પ્રકારનું કામ ઉપાડવાનું છે એનો પણ ખ્યાલ આવે.

(आ) અનુવાદના કામમાં જેમને રસ હોય, જેમની આવડત હોય અને જેમની સમય આપવાની તૈયારી હોય એવા લોકો અંગે માહિતી ભેગી કરવી – આવો રસ, આવડત કે અનુભવ ધરાવનારાં વ્યક્તિઓ પોતાનાં નામઠામ વગેરે માહિતી મને સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય, વેડછી, ૩૯૪ ૬૪૧ ને સરનામે મોકલાવી આપે અને તેમાં પોતે કઈ ભાષામાંથી ગુજરાતીમાં ભાષાન્તર કરવા હોંશ ધરાવે છે, એ જણાવે તો આગળ ઉપરનું કામ ઉપાડવામાં એ ઉપયોગી થઈ પડે.

(इ) દેશની જુદી જુદી ભાષાઓમાં અનુવાદ કરવા લાયક પુસ્તકોની યાદી બનાવવાની શરૂઆત કરવી. અલબત્ત, આ યાદી પણ ક્રમશઃ વધતી જશે. પણ એક વાર બેચાર ભાષાઓની પણ આવી યાદીઓ બનવા માંડે તો અનુવાદનું કામ વ્યવસ્થિત રીતે ઉપાડવાની શરૂઆત કરી શકાય.

(ई) ભાષાન્તરો વિષે સૂઝ રાખનારા અને અનુભવી લોકોની નાનીસરખી એક મંડળી બને જેનું માર્ગદર્શન ભાષાન્તરપ્રવૃત્તિને મળી રહે.

(उ) અનુવાદના કામનું પ્રશિક્ષણ આપી શકે એવી વ્યવસ્થા પણ ઊભી થઈ શકે. એમને ઉપયોગી થાય એવા કોશો કે સંદર્ભગ્રંથોની કે દશ્યશ્રાવ્યની સગવડ ગોઠવાય.

(ऊ) ભાષાન્તર શિબિરો ગોઠવાય, જેમાં નવોદિતોને અનુભવીઓની સલાહસૂચના અને માર્ગદર્શન પણ મળે અને શિબિર દરમિયાન પ્રત્યક્ષ ભાષાન્તરનું કામ પણ થઈ શકે.

(ए) ભારતભરમાંથી ઉત્તમ સાહિત્ય ગુજરાતીમાં ઊતરતું હોય તો તેને પ્રસિદ્ધ કરવા ગુજરાતી પ્રકાશકો પણ જરૂર તૈયાર થાય. આવાં પ્રકાશનમાં રસ હોય તેવા પ્રકાશકો અમારો સંપર્ક કરે એવી વિનંતી.

(ऐ) તૈયાર થયેલાં ભાષાન્તરોને ચોકસાઈથી તપાસી અને ચકાસી જોવાની વ્યવસ્થા ઊભી કરવી. એક કે વધુ જાણકાર લોકોના ચોક્કસ નિરીક્ષણ હેઠળથી પસાર થયા પછી જ ભાષાન્તર પુસ્તકાકારે પ્રસિદ્ધિ અર્થે પ્રકાશક પાસે જાય.

ઉપર જણાવેલી તમામ પ્રવૃત્તિઓ અને ભાષાન્તરને આનુષંગિક બીજી પ્રવૃત્તિઓ સારુ આર્થિક ભંડોળ પણ ભેગું કરવું પડે. અને કમ સે કમ આ પ્રવૃત્તિ ખોટમાં ન ચાલે એટલી તો કાળજી રાખવી પડે.

(ओ) આખી ભાષાન્તર-પ્રવૃત્તિને પ્રેરણા, પ્રોત્સાહન કે પોષણ આપવાની કોઈક ને કોઈ સાહિત્યિક સંસ્થા જવાબદારી લે અથવા આ જ કામને ધ્યાનમાં રાખીને નવી સંસ્થા ઊભી કરવામાં આવે.

(औ) માતૃભાષાની સેવામાં રસ હોય એવા દાનદાતાઓ આ આખી પ્રવૃત્તિનું ખરચ ઉપાડવા સારુ પોતાની હોંશ અને શક્તિ મુજબ દાન આપે.

અંગ્રેજી ભાષાને શિક્ષણનું માધ્યમ બનાવવા સારુ આજકાલ આપણા સુશિક્ષિત સમાજમાં જે પ્રકારનું વાતાવરણ ખડું થઈ રહ્યું છે તે ગમેત્યારે પણ આપણી માતૃભાષાના અસ્તિત્વને જોખમમાં મૂકી શકે એમ છે. અંગ્રેજી કે બીજી કોઈ ભાષા વિશ્વભાષા બને તો આખી દુનિયાના વેપારીઓ કે પ્રવાસીઓને થોડી સગવડ થાય. પણ વિશ્વભાષા કાંઈ સેંકડો માતૃભાષાઓની ભક્ષક બની શકે ખરી ? આજે ગુજરાતી ઉપરાંત બીજી પણ ભારતીય ભાષાઓ પર આ ઝેરી હવાની અસર થતી જણાય છે. તેથી અંગ્રેજી માધ્યમ એ માત્ર ગુજરાતને જ નહીં પણ આખા દેશને સારુ જોખમરૂપ નીવડી શકે એમ છે. એનો આખા દેશે એકી અવાજે વિરોધ કરવો હોય તો સૌ દેશવાસીઓએ એકબીજાની ભાષા અને સાહિત્યનો પરિચય કેળવવો જોઈએ. ભાષાન્તર-પ્રવૃત્તિ આ જોખમમાંથી આપણને બચાવવાનું એક અસરકારક સાધન થઈ શકે.

થોડા દાયકાઓ પહેલાં સુધી ફ્રેંચ ભાષા આખા યુરોપ ખંડની પરસ્પર- વ્યવહારની ભાષા તરીકે ચાલી શકે એવી ભાષા ગણાતી હતી. હવે તેનું સ્થાન ધીરે ધીરે અંગ્રેજી ભાષા લેતી હોય એમ લાગે છે. પણ ખૂબી એ છે કે આવી કોઈ વધુ પ્રભાવશાળી ભાષા જુદા જુદા દેશોની ભાષાઓને હજમ કરી જઈ શકતી નથી. યુરોપ આખામાં અને દુનિયાના દરેક પ્રગતિશીલ દેશમાં શિક્ષણનું માધ્યમ તે તે દેશની માતૃભાષા જ છે. અને નાનકડા દેશોમાં ગમે તેટલા ઓછા લોકો એ ભાષા બોલતા કે લખતા-વાંચતા હોય તો પણ, તે દેશની ભાષાની સાહિત્ય  જ એની અસ્મિતા જાળવી રાખે છે. સ્વીડિશ, નૉર્વેજિયન, અર્બો ક્રોશિયન કે રોમાનિયન સાહિત્યની તેજસ્વિતા અંગ્રેજી, ફ્રેંચ કે રશિયન ભાષાના તેજથી ઝાંખી પડી નથી. એનું મુખ્ય કારણ તે તો ભાષા-ભાષીઓનો પોતાની માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને આગ્રહ છે. આપણા દેશની અનેક ભાષાઓનાં સાહિત્ય આ ભાષા કરતાં ઘણો વધુ પ્રાચીન ઐતિહાસિક વારસો ધરાવે છે અને એ સાહિત્યની ગુણવત્તા પણ વિશ્વસ્તરીણ છે. છતાં અંગ્રેજી ભાષાને માધ્યમ બનાવવાની ઘેલછા એ ભાષાઓને સમૂળગી લુપ્ત કરે તેવું જોખમ ઊભું કરે છે અને ભાષા જોડે તે તે સહિત્ય સાથે સંકળાયેલી ભારત દેશની આખી સંસ્કૃતિ પણ ભૂંસાઈ જાય એવું જોખમ ઊભું થાય છે. આ સાંસ્કૃતિક જોખમમાંથી બચાવવા દેશની એક ભાષામાંથી બીજી ભાષામાં ઉત્તમ સાહિત્યને અનૂદિત કરીને ઉતારવાની પ્રવૃત્તિ ચોક્કસ ઉપયોગી થઈ પડે એમ છે. આખા દેશની અનોખી એકતા એ દેશની અનુપમ વિવિધતાને પોષક બનવી જોઈએ, મારક નહીં. અને તેમ કરવું હોય તો દરેક ભાષા દેશની અન્ય ભાષાઓમાંથી ઉત્તમ સાહિત્યને પોતાના સાહિત્યનો અવિભાજ્ય ભાગ બનાવે એ જ છે.

આ આખી ભાષાન્તરપ્રવૃત્તિ વિષે પાઠકોના અભિપ્રાયો અને એમનાં સૂચનોનું સ્વાગત છે. આ કામમાં પોતે કઈ નક્કર રીતે મદદરૂપ થઈ શકે છે એની પણ જો વાચકો જાણ કરશે તો તેમાંથી આ કામ સંગઠિત, સુનિયોજિત અને સુવ્યવસ્થિત બની શકશે. આ લેખના જો પૂરતા હકારાત્મક પ્રતિભાવો આવશે તો ભાષાન્તર પ્રવૃત્તિને આગળ ધપાવવા સારુ કાંઈક નક્કર પગલાં પણ ભરી શકાશે.

મહાગુજરાતની સ્થાપનાને આ વર્ષે પચાસ વર્ષ થશે. એ નિમિત્તે અનેક પ્રકારની ઉજવણીઓ વિચારાઈ રહી છે. સાહિત્યરસિકો આ વર્ષે પચાસ ઉત્તમ અનુવાદો આપવાનો નિર્ધાર કેમ ન કરી શકે ?

**નારાયણ દેસાઈ**

# કવિતા

## ગંગા ગંગા થૈ ગયાં | ચિનુ મોદી

કૈં ફસાદો, કૈંક ટંટા થૈ ગયા,
એ બધાનો આદી બંદા થૈ ગયા.

તું નથી એની પ્રતીતિ થૈ ગઈ
હાથ મારા ઠંડા ઠંડા થૈ ગયા.

સાવ સોના જેવા કૈં સંબંધ પણ
એમ સમજો ભડભડ લંકા થૈ ગયા.

ખૂબ જાણીતા થયા આગંતુકો
મંદ વાયુ ઝંઝા ઝંઝા થૈ ગયા.

મેં લૂછેલાં આંસુ સાચકલાં હશે
હાથ જોને ગંગા ગંગા થૈ ગયા.

## મધુમાલતી | ઉષા ઉપાધ્યાય

આંખ મીંચી સ્વપ્નમાં કેવી સરે મધુમાલતી,
રાતમાં રંગો સજી કેવી ફરે મધુમાલતી !

શ્વેત સાળુ કે રતુંબલ ચીર આજે હું સજું ?
કૈં ન સમજાતાં પછી બંને ધરે મધુમાલતી.

પ્રિયનાં સ્મરણો મધુરાં જ્યાં હૃદયમાં જાગતાં,
સ્મિત સરખાં ફૂલ નમણાં શા ઝરે મધુમાલતી !

તપ્ત દિને મ્લાન થઈ ઝૂર્યા કરે આશાભરી,
એ પછીથી નિશીથના અધરે ઠરે મધુમાલતી.

એટલે આ વસ્ત્ર કાળી રાતનું ઊજળું થયું,
રાતભર ખુશ્બુ થકી ધોયા કરે મધુમાલતી.





## બે કાવ્યો | નલિન રાવળ

### ૧. માર્ગરિટ

પૅરિસ આખું થનગને
એ
સુંદરીના કંઠમાં
        ફૂલની માળા બની ઝૂલવા…
આજે
એ
ક્યાંક અંતરિયાળ
        નીજની કબર પર
        ફૂલની ડાળી બની ઝૂલી રહી.

૧૭-૩-૨૦૦૯

એલેક્ઝાન્ડર ડૂમાની નવલકથા 'લેડી વીથ ધ કેમિલીઆઝ'ની નાયિકા માર્ગરિટની શેષવયનું અંતિમ દૃશ્ય.

### ૨. રમણી

પૂર્ણિમાની
ચન્દ્રખીલી રાત્રિમાં
જળછોળ ભીની પવનની લહરમાં
પંખીકૂજ્યા પર્ણછાયા માર્ગથી
ચોફેર
ચારે દિશાએ ગૂંજતા
શત દીપ તેજે ઝળહળ્યાં
માદક ફૂલોની મ્હેકથી ફોર્યાં
મોતી સમા નમણાં
        નગરમાં
સ્નેહ છલક્યા નેત્રથી જોતી
કેસૂડાનાં ફૂલ-શી
        સુરખી ભરી રમણી
સૌના હૃદયમાં
        ચાંદની
        ચાંદની થઈને બધે પથરાઈ ગઈ.

૨૭-૪-૨૦૦૯

એલેક્ઝાન્ડર ડૂમાની નવલકથા 'લેડી વીથ ધ કેમિલીઆઝ'ની યુવા નાયિકા માર્ગરિટના પૅરિસવિહારનું એક દૃશ્ય.

## મને સપનાં ન આપ | સોનલ પરીખ

મને સપનાં ન આપ
મને સપનાં જો આપ તો
    સપનાંનું મારણ પણ આપજે
મારું હોવું હવાની જેમ આમતેમ વાય
    થોડો ભેજ, થોડું ભારણ પણ આપજે.

મારી નસ પર દીવાસળી મૂકી મૂકીને
    હું તો મારાં અંધારાં પેટાવું
આમતેમ ખડકેલાં હાડમાંસ આંસુને
    જામગરી ચાંપી ચેતાવું
મને શ્વાસો ન આપ
મને શ્વાસો જો આપ તો
શ્વાસોનું મારણ પણ આપજે.

મારા સૂના આવાસમાં સુકાય પાનના
    ખરવાનો એકે ન ચીલો
મારા રખડુ પડછાયાને ઝાલીને બાંધું જ્યાં
    એવો એકે ન મળે ખીલો
મને જીવતર ન આપ
મને જીવતર જો આપ તો
    જીવતરનું કારણ પણ આપજે.



# સમીક્ષા/ગ્રંથાવલોકન

## ગ્રામચેતના એટલે કે નિજબોધની કવિતા | મણિલાલ હ. પટેલ



[**'પાદરનાં પંખી'** : કવિતા : રઘુવીર ચૌધરી, પ્રકાશક : સુનીતા ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ-૯, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૧૧૨, કિંમત રૂ. ૭૦/-]

રઘુવીર ચૌધરી કલાવિદ્ છે પણ નકરા કલાવાદી તો નથી જ નથી. એમનો સાહિત્ય-સર્જનનો માર્ગ લોકારણ્યોમાંથી, ઝાઝે ભાગે તો ગામ-વગડો-સીમમાંથી પસાર થાય છે. એમનો નગરવાસ સમૃદ્ધ છે પણ એમને ગામડું વધારે ગમ્યું છે. ગામડાનો સમાજ અને એનો અદનો આદમી એમના સાહિત્યમાં પણ કેન્દ્રસ્થ રહ્યા છે. રઘુવીર ચૌધરી જીવનવાદી સર્જક છે – ક્યારેક તો કહેવાનું મન થાય કે એ 'ગ્રામજીવનવાદી' લેખક છે. એમની કવિતાના છેલ્લા બે સંચયો ('ફૂટપાથ અને શેઢો' તથા 'પાદરનાં પંખી') પણ ઉક્ત મતને મહોર મારે છે.

'ગ્રામચિત્રો' (પૃ. ૯૫) રચનામાં, આંખ સામે જિવાતું વાસ્તવિક જીવન ઝિલાયું છે. અહીં જે આલેખન છે તે છંદોબદ્ધ તો છે જ; સાથે સાથે એ ચિત્રણમાં જીવનની વિશેષ અને સૌંદર્યરાગી [illegible]સાવવામાં કવિની સફળતા છે. દા.ત.

**'પર્ણ ને પુષ્પ-શાં પંખીઓ જાગતાં,**
**તારકો આભમાં કૈંક ઊંચે જતા,**
**ઓસકણ પંખીની આંખ-શા તગતગે**
**પવન પાછો ફરી કૂંપળોને મળે.'**

આ પ્રકૃતિરાગમાં જીવનરાગ પણ સંમિલિત છે :

**'પિયર પાછળ મૂકી કન્યકા જાય છે,**
**સહિયરો આંખ લૂછે અને ગાય છે.**
**ફરકતી થાય જલમધ્ય શિવની ધજા,**
**મા ઊભી ઉંબરે ચરણ અચકાય છે'**

સંચયનાં ૧૧૨ પાનાંમાં ૬૭ કાવ્યરચનાઓ છે. ગીતો, છંદોબદ્ધ તથા અછાંદસ રચનાઓ, ગઝલો અને મુક્તકો પણ હાજર છે. માનવપ્રેમ, પ્રકૃતિપ્રેમ સાથે અલખની લીલાનું આલેખન છે.

આ રચનાઓ 'ભાષારચના'ની ભૂમિકાએ પણ સાદી તથા સરળ છે, એમાં સહજતા છે એમ અર્થગર્ભતા પણ પ્રગટી છે. કવિને ગમે છે બલકે એમની માન્યતા છે એ પ્રમાણે વાત કરીએ તો અહીં અનુભવની શક્તિને ઉચિત શબ્દ મળ્યો છે. અનુભવનું બળ અને

શબ્દરચનાની કળ – બંને જ્યાં જ્યાં સંવાદિતા રચી શક્યાં છે ત્યાં ત્યાં સુચારુ પરિણામો સાંપડ્યાં છે. આવી રચનાઓની સંખ્યા પણ ઠીકઠીક છે. ભાવકને કશુંક સાંપડવું જોઈએ – એવી જીવનદષ્ટિથી લખતા આ કવિ સાદા શબ્દોમાં જે ચીંધે છે તે મૂલ્યવાન છે :

**'થાક્યો છે કાફલો કે આ રસ્તાનો વાંક છે ?**
**અજવાસ ઉગમણે છે છતાં અંધારું ક્યાંક છે.**
**કોને વિકલ્પ ને વિમાસણો નથી નડ્યાં,**
**ચાલો મૂકીને ઢાળ, આ ઊંચો વળાંક છે.'** (પૃ. ૧૦)

કવિતા અને માનવજીવનની બાબતમાં રઘુવીર ચૌધરી પણ કાલિદાસ-ટાગોર અને ઉમાશંકરની જેમ 'સમગ્ર સૃષ્ટિ' સાથેના 'સહઅસ્તિત્વમાં' માનતા પમાય છે. ઉમાશંકર જોશીએ 'વિશાળે જગ વિસ્તારે' – 'પશુ છે પંખી છે પુષ્પો, વનોની છે વનસ્પતિ...' એમ કહ્યું હતું... 'પાદરનાં પંખી' (પૃ. ૩૮); 'વૃક્ષકથા' (પૃ. ૭૮) તથા 'માટીનો જનની હક' (પૃ. ૮૬) જેવી રચનાઓમાં કવિ ઉપરોક્ત સન્દર્ભોને નિજી રીતેભાતે વર્ણવે છે. ખાસ તો, વર્તમાન યંત્રસંસ્કૃતિએ તથા સંવેદન-જડ, સંકુચિત માનવજાતે 'પ્રકૃતિ' (પશુ-પંખી-વૃક્ષો-નદી-તળાવ-ડુંગર... સીમ-વગડો-ખેતર તમામ) સાથે જે અક્ષમ્ય વ્યવહાર કર્યો છે એની સંવેદના કવિએ સંકેતોમાં મૂકી આપી છે.

કવિતા 'બોલકી' ન બનવી જોઈએ એના આ જાણતલ કવિને એમ પણ કહેવું છે કે એ સાવ ભાષાપ્રયોગોમાં પણ અટવાઈ ન જવી જોઈએ... એ અજાણ્યા ભાવક સુધી પણ જવી જ જોઈએ... બાવન બહારની પણ એક દુનિયા છે. રઘુવીર ચૌધરી કહેવા ચાહે છે કે હવે તો 'ગુજરાતી કવિતામાં નિજબોધ અને યુગબોધના સાયુજ્યથી એક નવો પ્રબોધકાળ અવતરે... (પૃ. ૩)

ગુજરાતી કવિતા હજી જે જે સન્દર્ભોમાં રાચી રહી છે તે બધા હવે જર્જર થયા છે... હવે તો માનવધર્મની (વિશાળ અર્થમાં પ્રેમની) વાત થવી જોઈએ (દા.ત. 'વખાર' સંચયમાં જે સાંપ્રત પ્રગટ થયો છે તે દિશા – વગેરે) 'ગમે તેની તાબેદારી સ્વીકારી લેનાર' વર્તમાનને હવે ઠમઠોરવો પડશે. કવિતા વિશેની પોતાની વિચારણા રજૂ કરતાં, પ્રસ્તાવનામાં રઘુવીરભાઈ, મહત્ત્વના સંકેતો કરે છે :

> 'જે કવિમિત્રો ભાષાકર્મમાં રમમાણ રહી, પ્રયોગશીલતાનો આદર્શ સેવી શાબ્દિક સૌન્દર્યને ઉપલબ્ધિ માની થોડાક ભમેલા ભાવકોના સ્મરણમાં કે કવિતાના એકમાર્ગી ઇતિહાસમાં જગા અંકે કરી ધન્યતા અનુભવે છે, એ એમની રીતે સફળ હોય તો ભલે આનંદમાં રહે. એમનામાંથી કોઈકને ક્યારેક બાવન બહારની સૃષ્ટિ દેખાવાની.' (પૃ. ૩)

'આધુનિકતાના પરિશિષ્ટ જેવી' કવિતા આજેય લખનારા છે – એમને માટે ઉક્ત સંકેત અંકે કરવા જેવો છે. કવિ ભલે 'સર્વ' સુધી ન પહોંચે પણ એની દિશા તો ખરેખર 'સ્વાનુભવને સર્વાનુભવમાં પરિણત કરવાનું' વિરલ ભાષાકર્મ દાખવવા ભણી જ હોઈ શકે છે. 'પાદરનાં પંખી'ના કવિનો કશો મોટો દાવો તો નથી, પણ એમણે મૂળથી જ નિજી દિશા લીધેલી છે. એ દિશામાં થયેલી આ બધી કાવ્યરચનાઓમાંથી કેટલીક સફળ બનીને યુગબોધ સાથે તાલ મેળવે છે. પ્રત્યક્ષ કથન કે નકરાં વિધાનોથી બચવાની મથામણમાંથી નીપજેલાં પરિણામો





સંતોષકારક તો જરૂર છે.

જમીન, આકાશ, વર્ષા-જળ, પવન, સૂર્ય-અગ્નિ-ઊર્જાને વર્ણવતી કેટલીક રચનાઓ વાસ્તવની મોઢામોઢ કરવા સાથે કવિના સૌન્દર્યાનુરાગ વ્યક્ત કરે છે. લય પર જેમ પકડ છે એમ અહીં અછાંદસના આરોહઅવરોહ પકડી રાખે છે. જીવન મિષે ખેતર-પંખી-ઘર-ગામ-પાદરની વાત કરતી આ રચનાઓ પંચમહાભૂતોને ય તાકે છે – તાગે છે એનો આનંદ છે.

## 'Hi & Bye !' અંગ્રેજી કાવ્યસંગ્રહ વિશે નિરંજન ભગત

[**'Hi & Bye !'**, મહેન્દ્ર અમીનનો અંગ્રેજી કાવ્યસંગ્રહ, ઇમેજ પબ્લિકેશન પ્રા. લિ., મુંબઈ, ૨૦૦૭, કિં. રૂ. ૮૦/-. આ કાવ્યસંગ્રહની નિરંજન ભગતે લખેલી પ્રસ્તાવનાનો ગુજરાતી અનુવાદ. અનુવાદક : મહેન્દ્ર પંડ્યા]




કાવ્યદેવીની વેદી સમક્ષ ઉપસ્થિત થવા અનેક કવિઓને નિમંત્રણ આપવામાં આવે છે, પણ એમાંથી થોડાકને જ પસંદ કરવામાં આવે છે. મહેન્દ્ર અમીન એ થોડાકમાંના એક હોય, તેઓને પસંદ કરવામાં આવ્યા હોય એવું લાગે છે. જે પોતાની ભાષા નથી, જે પારકી ભાષા છે એમાં કશું પણ સર્જનાત્મક લખાણ કરવું – સવિશેષ તો કવિતાનું સર્જન કરવું – અશક્ય નહિ તો અઘરું તો છે જ. મહેન્દ્ર અમીનને એ અઘરું લાગ્યું નથી. તેઓ ભારતમાંથી, ગુજરાતમાંથી સ્થળાંતર કરીને અમેરિકામાં સ્થાયી થયા છે. ગુજરાતમાં હતા ત્યારે એ અંગ્રેજીના અધ્યાપક હતા. આમ, તેઓ વિદ્યાર્થી તરીકે અને અધ્યાપક તરીકે સમગ્ર અંગ્રેજી સાહિત્યથી સુપરિચિત હતા. એમના કાવ્ય 'The Word'માં સૂચન છે તેમ એમણે એનું સઘન વાચન અને સતત મનન કર્યું હતું. એમાં જ તેઓ જે પસંદગી પામ્યા છે એનું રહસ્ય રહ્યું છે. સાથે સાથે તેઓ વર્ષોથી અંગ્રેજીમાં કાવ્યો રચતા રહ્યા છે. આ પૂર્વે એમનાં પ્રકીર્ણ કાવ્યો અમેરિકામાં 'Vantage' આદિ કાવ્યસંચયોમાં પ્રગટ થયાં છે. 'Hi & Bye !' એમનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. એમાં ૫૧ કાવ્યો છે. એમાંનાં મોટા ભાગનાં કાવ્યો તાજેતરમાં રચાયાં છે, કેટલાંક કાવ્યો તેઓ જ્યારે એમની જન્મભૂમિ ભારતમાં હતા ત્યારે રચાયાં છે.

આ કાવ્યસંગ્રહમાં જે કવિતા છે તે આધુનિક સંવેદનાની કવિતા છે. રોમૅન્ટિક કવિતાથી ભિન્ન પ્રકારની સંવેદના – આધુનિક સંવેદના –ની કવિતા છે. એમાં કવિના વ્યક્તિત્વ પર નહિ પણ આધુનિક મનુષ્યની 'સ્વ' વિશેની સભાનતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ સભાનતામાં અન્ય અનેક તત્ત્વોની સાથે સાથે આત્મોપલબ્ધિ પ્રધાન છે. આધુનિક મનુષ્ય પોતે વિભાજિત છે અને એ અંગે એ સભાન છે. એને દેહ અને આત્મા, ઇન્દ્રિયો અને મન બન્ને છે. એનામાં દ્વૈત છે. એ દ્વિદલ મનુષ્ય છે. એની એને દૃઢ પ્રતીતિ છે. આ દ્વૈત એની સભાનતાના કેન્દ્રમાં છે. એ એને વેદના અને યાતના આપે છે. આમ, એનામાં માત્ર પીડન નથી, આત્મપીડન છે. આ આત્મપીડનને કારણે એનામાં એક વિશિષ્ટ મનોદશા પ્રગટ થાય છે. એમાં એ હર્ષ કે શોક, સુખ કે દુઃખ, કશાનો અનુભવ કરી શકતો નથી. આ મનોદશાનું

નામ છે ‘ennui’ આનુઈ એટલે કે નિર્વેદ.

આ કાવ્યસંગ્રહમાં જાણે કે એકમેવ વસ્તુવિષય છે : નિર્વેદ. બલકે સૌ કાવ્યોમાં એક જ વસ્તુવિષય જૂજવે રૂપે છે. હમણાં જ કહ્યું તેમ નિર્વેદ એક મનોદશા છે. આ મનોદશામાં મનુષ્ય વર્તમાનનો ઉપભોગ કે ઉપયોગ કરી શકતો નથી. નિર્વેદ એની સંકલ્પશક્તિને જકડી રાખે છે અને એની કર્મણ્યતાને થીજીવી નાંખે છે. એને માટે કોઈ પણ એક ક્ષણ અન્ય ક્ષણથી ભિન્ન હોતી નથી. એને માટે સમય ગતિશીલ હોતો નથી. સમય સ્થગિત હોય છે. સમય સતત સ્થિર હોય છે. સમયનું સાતત્ય હોતું નથી. ટૂંકમાં, એને માટે સમય થંભી ગયો હોય છે, એક માત્ર ભૂતકાળનું જ, ભારરૂપ ભૂતકાળનું જ અસ્તિત્વ હોય છે. એને માટે નથી વર્તમાન કે નથી ભવિષ્યકાળ. એને માટે હોય છે માત્ર ભૂતકાળનું અંતહીન પુનરાવર્તન. એ એને રૂંધે છે, ગૂંગળાવે છે. ભૂતકાળ એને માટે એક આંધળી ગલી છે, એક અભેદ્ય ભીંત છે. એમાંથી મુક્ત થવાનો કોઈ માર્ગ નથી. આ કાવ્યસંગ્રહમાં ભૂતકાળની સ્મૃતિ અને એકવિધતાનાં જ કાવ્યો હોય, નિરાશા અને હતાશાનાં જ કાવ્યો હોય એમાં કોઈ આશ્ચર્ય નથી. ટૂંકમાં, એમાં વેદના, મનુષ્યના અસ્તિત્વની એક અનિવાર્ય અને અપરિહાર્ય એવી વેદના, અસ્તિત્વવાદી વેદનાનાં કાવ્યો છે.

આ મનોદશામાંથી મુક્ત થવાનો એક જ માર્ગ છે : નિર્વેદને કારણે જે વેદના જન્મે છે તેનો સ્વીકાર. એમાં જ અને માત્ર એમાં જ આશા છે. કારણ કે વેદનામાંથી જ સંવેદના અને સંવેદનામાંથી જ વેદ એટલે કે વિદ્યા એટલે કે જ્ઞાન (સૂઝસમજ) પ્રગટ થાય છે. સમયનો સદુપયોગ કરવાનું; ક્રિયાશીલતા, સક્રિયતા, કર્મણ્યતા માટે ઉપયોગ કરવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. કાળ દ્વારા જ કાળ પર વિજય પ્રાપ્ત થાય છે. સમયનો સદુપયોગ એટલે વર્તમાનમાં સક્રિય થવું. સમયની, કાળની શૃંખલામાંથી આ સક્રિયતા, ક્રિયાશીલતા દ્વારા જ મુક્તિ પ્રાપ્ત થાય છે. આ મુક્તિ એ જ મનુષ્યની આત્મોપલબ્ધિ છે. આ કાવ્યસંગ્રહમાં કેટલાંક કાવ્યો બોધપ્રધાન લાગે છે. પણ એવાં કાવ્યોમાં જ વેદનાના સ્વીકાર માટેનો, મુક્તિ માટેનો, આત્મોપલબ્ધિ માટેનો સંઘર્ષ વ્યક્ત થાય છે. આ કાવ્યસંગ્રહનું શીર્ષક છે ‘Hi & Bye !’ (‘સ્વાગત અને વિદાય !’). આ શીર્ષક આધુનિક મનુષ્યની સભાનતા અને આત્મોપલબ્ધિનું પ્રતીક છે.

અંતમાં ‘Hi & Bye !’ને ‘આગે કદમ’ની શુભેચ્છા !

## આવું તે કેમ ચાલે ? | હરિકૃષ્ણ પાઠક

[**‘ગુજરાતી લેખિકાસૂચિ’** : સં. દીપ્તિ શાહ, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦૦૯ પૃ. ૮+૧૩૬, રૂ. ૯૦]

ગુજરાતી સાહિત્ય પરિષદે વીસમી સદીની ગુજરાતી લેખિકાઓની સૂચિ પ્રગટ કરી છે. સંકલન કર્યું છે શ્રી દીપ્તિ શાહે. આ કામગીરી માટે જે સંદર્ભ- સામગ્રી ખપમાં લેવાઈ છે અને જે મહાનુભાવો સહાયક થયા છે તેનો ઉલ્લેખ પ્રકાશનમંત્રી શ્રી ભારતી ર. દવેની પ્રકાશકીય નોંધમાં થયો છે, જે ઊંચી અપેક્ષા જગવે એવો છે. વળી આ પ્રકાશન માટે આર્થિક સહયોગ આપનાર શ્રી વિનોદિનીબહેન નીલકંઠના પરિવારનો આભાર પણ આ નોંધમાં માનવામાં આવ્યો છે.







સંકલન કરનાર શ્રી દીપ્તિ શાહે વળી બીજી સંપાદકીય નોંધ કરી છે જેમાં તેઓ નોંધે છે :

> ‘એ કામ માટે ક. લા. સ્વાધ્યાય મંદિરના નિયામકશ્રી રમેશભાઈ દવે દ્વારા મારું નામ સૂચવાયું અને મને કામ સોંપાયું, ત્યારે મેં મૂંઝવણ, ક્ષોભ અને સંકોચ અનુભવ્યાં હતાં. વળી રમેશભાઈ સાથે કામ કરવાનું હતું એટલે મનમાં ફફડાટ પણ હતો. કામ બરાબર ન થયું હોય તો એ વઢવામાં વાર ન લગાડે, આમ છતાં, મારા દરેક પ્રશ્નના ઉકેલ અને નિરાકરણ મને તેમની પાસેથી મળ્યાં છે. રમેશભાઈ સાથે પૂર્વે ક્યારેય કામ કરવાનું બન્યું નથી એ ભૂમિકાએ એમને મેં એકલવ્ય બનીને દ્રોણ તરીકે જ જોયા છે.’

આ નિવેદન જોતાં, પ્રથમ વાર આવું કામ હાથ ધરનાર ‘એકલવ્ય’ના શરસંધાનમાં ચૂક થઈ જાય તો તે ક્ષમ્ય ગણાય, પરંતુ ખરો પ્રશ્ન છે સંકલન માટે નામ સૂચવનાર ગુરુ ‘દ્રોણ’ની પ્રતિષ્ઠાનો.

સૂચિકરણના જાણકારો તો આમાં ઘણી ક્ષતિઓ દર્શાવી શકે તેમ છે, પરંતુ મારે તો અહીં જે બે મોટા છબરડા થયા છે તેના પૂરતું જ ધ્યાન દોરવું છે. આપણા સુપ્રતિષ્ઠિત શાયર રુસ્વા સાહેબ – રુસ્વા મઝલૂમી અહીં ‘મઝલૂમી રુસ્વા’ એવા નામે ‘લેખિકા’ તરીકે સ્થાન પામ્યા છે. તેમના પુસ્તક તરીકે ‘નવલિકા’ ‘ઢળતા મિનારા’ (૧૯૭૮) દર્શાવેલ છે. કવિ તરીકે ઉલ્લેખ નથી. હકીકતમાં ‘ગુજરાતી સાહિત્યકોશ’ ખંડ-૨ના પાન ૫૨૩ પર ‘રુસ્વા મઝલૂમી’નો ઉલ્લેખ છે જેના આધારે પાન ૩૯૦ પર ‘બાબી ઈમામુદ્દીનખાન મૂર્તઝાખાન’ની ભાળ મળે છે ને ત્યાં ‘ઢળતા મિનારા’ (૧૯૭૮)નો પ્રસંગચિત્રોના આલેખ તરીકે પણ ઉલ્લેખ છે.

આવું જ થયું છે જાણીતા પત્રકાર નીરુ દેસાઈ અંગે. નીરુભાઈ દેસાઈનો સમાવેશ લેખિકા તરીકે પાન ૩૨ પર ‘દેસાઈ નીરુ’ તરીકે થયો છે. તેમના નામે બે પુસ્તકો નવલિકાનાં દર્શાવ્યાં છે, તેમાંનું એક ‘ચરણરજ’ (૧૯૪૦)નો ઉલ્લેખ ઉક્ત સાહિત્યકોશના ખંડ-૨માં પાન ૨૫૩ પર છે, જેમાં ‘દેસાઈ નિરુભાઈ ભાઈલાલ’ નિ. દે, નિ., માનવેન્દ્ર વગેરે ઉપનામો સાથે મળે છે. લેખિકાસૂચિમાં તો ઘણે ઠેકાણે લેખિકાના જન્મવર્ષ કે પુસ્તકના પ્રકાશનવર્ષના પણ ઉલ્લેખ નથી. સાહિત્યકોશમાં વાર્તાસંગ્રહ ‘ચરણરજ’ (૧૯૩૩) નિરુભાઈ દેસાઈને લગતા અધિકરણમાં પણ છે જ. પ્રકાશનવર્ષમાં ફેર છે, પરંતુ નિરુભાઈ ‘દેસાઈ નીરુ’ નામે લેખિકાસૂચિમાં દાખલ થઈ ગયા છે તે સ્પષ્ટ છે.

વધારે આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે ઉક્ત સાહિત્યકોશના નિર્માણમાં મુખ્ય સંપાદક શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળા સાથે સંપાદકો તરીકે સહયોગ આપનાર બે સંપાદકો પૈકી એક ખુદ શ્રી રમેશ ર. દવે હતા. પરિષદ જેવી સંસ્થાને પ્રકાશનો માટે દાન તો મળી રહે, પરંતુ તે તેની એક પ્રતિષ્ઠાને કારણે અને ચોક્કસ અપેક્ષા સાથે. આવી કામગીરી પાર પાડતી વખતે માત્ર પ્રકાશન કરી નાખ્યું તેટલાથી સંતોષ ન લઈ શકાય. સંકલનકારનું નામ સૂચવનારે પછીથી આમાં કશી નૈતિક જવાબદારી નિભાવી હશે કે કેમ તેવો પ્રશ્ન થવો જોઈએ.

## થોડી નિરાશા | હિમાંશી શેલત

**['નટુભાઈને તો જલસા છે'** : હરિકૃષ્ણ પાઠક, પ્રકાશક : ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ., પ્રથમ આવૃત્તિ ૨૦૦૮, પૃષ્ઠ ૧૦૩, કિં. રૂ. ૮૦/-]




વાર્તાકારને એક આકરી કસોટીમાંથી પસાર થવું પડે છે. અગાઉના સંગ્રહમાં એણે જે વાર્તાઓ આપી હોય તેની સાથે એના બીજા સંગ્રહની રચનાઓની સરખામણી થયા વિના રહેતી નથી. એ તબક્કે જો એની સર્જકતા ઝાંખી દેખાય તો વાચક નિરાશ થવાનો, વિવેચકની વાત જવા દઈએ.

ઉપરોક્ત વાર્તાસંગ્રહમાં 'મોરબંગલા'ના હરિકૃષ્ણ પાઠક નથી મળતા એટલું સ્વીકારી લેવાથી પરિસ્થિતિ સરળ બનશે. હાડે કવિ એવા આ વાર્તાકાર એમના બીજા સંગ્રહમાં બાર વાર્તાઓ લઈને આવે છે. જેમને કોઈ ભાગ્યે જ પૂછતું હોય એવા સામાન્ય માનવોના વણબોલ્યા, વણપારખ્યા વિષાદને વ્યક્ત કરવા મથતી આ વાર્તાઓની શક્યતાઓનો કસ કાઢી શકાયો નથી. વણઊઘડ્યા ચરિત્ર જેવી 'ઓગણસાઠને ઉંબરે' 'ટણપો' અને 'બાબુલાલ' ધાર્યું નિશાન પાર પાડતી નથી. 'માંયલી વાત'માં ડોસીના મનનો અજંપો વાર્તામાં અડધોઅડધો પડઘાઈને અંતરિયાળ અટકી જાય છે. સાહિત્ય અને અધ્યાત્મ જગતના બોદાપણાને ઝપટમાં લેતી વાર્તા 'ધોતી અને ઉપરણો' એના વ્યાપમાં ઘણું આવરી લેવાની મથામણમાં લક્ષ્યવેધમાં પાછી પડે છે. સામગ્રી સંદર્ભે વાર્તાકારે જે તાટસ્થ્ય જાળવવું જરૂરી જણાય તે 'સુમિત્રા શ્રીવાસ્તવ'માં જળવાયું નથી.

ભૂતકાળની એક વેધક ઘટનાની આસપાસ વણાયેલી વાર્તા 'કાંટો' અને વિષાદગ્રસ્ત તોયે ગરવાં સ્ત્રીત્વને આલેખતી 'સજ્જ્યા' સંગ્રહની સંતોષકારક રચનાઓ ગણાય. પ્રસ્તાવનામાં વાર્તાકાર પૂરી નિખાલસતાથી કહે છે :

"લાંબી મુસાફરી કરીને આવીએ, થાક ચડ્યો હોય ત્યારે એવું થાય કે હવે આવી મુસાફરી ફરી નથી જ કરવી ! ટૂંકી વાર્તાનું લેખન મને આવી લાંબી મુસાફરીનો અનુભવ કરાવે છે."

વાતમાં તથ્ય છે. થાક લાગે એવી મુસાફરી ટાળવાનું યોગ્ય જ ગણાય.

S

**['વહીવટ'** : ઉત્પલ ભાયાણી, પ્રકાશક : ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ., પ્રથમ આવૃત્તિ ૨૦૦૮, પૃષ્ઠ ૧૦૫, કિં. રૂ. ૮૦/]

નાટ્યાત્મક ક્ષણોના પરખંદા વાર્તાકારે પ્રસ્તુત સંગ્રહમાં કેટલીક એવી જ ક્ષણોને વાર્તામાં ઢાળવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ આ રૂપાંતર ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવામાં ઊણું ઊતરે છે. 'ઘટનાપ્રધાન નવલિકા-૧', 'ઘટનાપ્રધાન નવલિકા-૨' અને 'ઘટનાપ્રધાન નવલિકા-૩' તથા 'ચોરી' 'કંપની' અને 'ફુરસદ' જેવી રચનાઓનો આધાર રહસ્યના સ્પર્શવાળી નાટ્યાત્મકતા છે પરંતુ એની માવજત ઉભડક જીવે થઈ હોવાની છાપ પડે છે. આ તમામ વાર્તાઓને અંત ભણી લઈ જવામાં વાર્તાકારને શ્રમ પડ્યો હોય એવું અનુભવાય છે.

'બ્લૅક હ્યુમર' કે 'કાન્તિલાલની ક્રાન્તિ' વાર્તા તરીકે વિકસી જ નથી શકી. કશુંક ઝટપટ અને કાચું ભાવક સામે ધરી દેવામાં આવ્યું હોય એવો અસંતોષ રહે છે. વાર્તા સાથે ગંભીરપણે








જોડાયેલા સર્જક આવું શી રીતે કરી શકે એ પ્રશ્ન ભાવકને કનડવાનો.

સંગ્રહની બાર વાર્તાઓમાં 'ગેઇમ' સંતોષકારક કહી શકાય એવી છે. નૈરોબીનો વનપ્રવાસ, કથાનાયકના મિત્ર ક્લેમનની આત્મહત્યા અને ક્લેમનની ડાયરીમાં આલેખાયેલી વિગતોની આસપાસ વણાતી જતી ગેઇમ આક્રમણ અને બચાવ, શિકારી અને શિકાર તથા જીવન અને મૃત્યુનાં રહસ્યોને તાગવા મથતી 'ગેઇમ'ની માવજતમાં રસ પડે એવું છે. આમ છતાં આ સંગ્રહમાં જે કંઈ મળે છે એ ઉત્કૃષ્ટતાના આરાધનમાંથી નથી સર્જાયું એવી છાપ સાથે જ ભાવક આ વાર્તાઓમાંથી પસાર થવાનો.

S

બંને સંગ્રહો વાર્તાચાહકોને નિરાશ કરે એવા છે. બારમાંથી છ વાર્તાઓ પણ પ્રસન્નકર ન નીવડે, અને એના વાર્તાકારો પાસેથી ભૂતકાળમાં સારી વાર્તાઓ મળી હોય, ત્યારે આબોહવા વિશે વિચાર કરવા જેવું ખરું. એમાં વાચકો, અખબારો અને સામયિકોને પણ થોડેઘણે અંશે અપરાધી લેખી શકાય.

## પત્રકાર થવા ઇચ્છુકોનું બાઇબલ | યૉસેફ મૅકવાન

**['લેખન અને પત્રકારત્વ'** : લેખક : ફાધર વર્ગીસ પૉલ, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધીરોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧, પાનાં ૧૩૦, પાકું પૂંઠું, કિં. રૂ. ૭૦/-]

પત્રકારત્વ અને લેખનને એક કલા તરીકે જોનાર ફાધર વર્ગીસ પૉલ પોતાના 'લેખન અને પત્રકારત્વ' પુસ્તકમાં પત્રકારે પોતાના અખબારલેખનમાં સર્જનાત્મક સંસ્પર્શ કેવી રીતે આપી શકાય, પોતાના લખાણની ધાર કેવી રીતે નીસરે અને નિખરે તેની વાત સાદી-સરલ ભાષામાં કહી છે. પત્રકાર તરીકેના પોતાના ૩૦ વર્ષના અનુભવોનો નિચોડ અહીં જોઈ શકાય છે. તેઓ પોતે અંગ્રેજી પત્રકારત્વના અભ્યાસક્રમની કાર્યશિબિરો પણ દેશ-પરદેશમાં ચલાવે છે. પોતાના બહોળા જ્ઞાનનો લાભ પત્રકારત્વના ક્ષેત્રે પા પા પગલી ભરતા પત્રકારોને મળે એ એમનો શુભ આશય અહીં સ્પષ્ટપણે જોઈ શકાય છે.

પત્રકારત્વના ક્ષેત્રે ડિગ્રી કે ડિપ્લોમા મેળવી લેવાથી કામ સરતું નથી. પોતાના લખાણને અસરકારક બનાવવાનાં પાંચ સૂચનો તેઓ આ પુસ્તકમાં આપે છે. પત્રકાર થવા માગતા યુવાને વાચનનો શોખ કેળવવો પડે. બધું જ સાહિત્ય વાંચવાનો ગુણ કેળવવો પડે. બીજું સૂચન, લખવાની ટેવ પાડો. રોજ કંઈ ને કંઈ લખો. પોતાના વિચારો સ્પષ્ટ કરવા વારંવાર લખ-ચેક-ભૂંસની રીત અજમાવો. ત્રીજું સૂચન આપતાં કહે છે, નિરીક્ષણશક્તિ વિકસાવો. કુતૂહલવૃત્તિને પોષો. તેથી બધામાં રસ લો. આમ કરવાથી જ્ઞાનની – માહિતીની તમારી ક્ષિતિજો વિસ્તરશે. ચોથું સૂચન, મહેનત કરવાથી પાછા ન પડો, એ આપે છે. પાંચમું સૂચન છે, હિંમતથી લખો. લખાણ પરત આવે કે ન સ્વીકારાય તો નાસીપાસ થયા વિના તે પડકારને ઝીલી લો અને લખવાનું ચાલુ રાખો. અટકો નહીં.

આ પુસ્તકમાં ફાધર છાપાના તંત્રી પર લખવાના પત્રોની પણ સરસ રીતરસમ શીખવે છે તેવા પત્રલેખનની ટેવ પડે તો લેખનનો રાજમાર્ગ તમે કંડારી શકો એવું ગર્ભિત સૂચન બીજા પ્રકરણમાં છે.

લેખનનો રાજમાર્ગ કંડારનારા નવોદિત લેખકોને તેઓ દસ આજ્ઞાઓનું નમ્ર સૂચન કરે છે. આમ સૂચવતી વખતે પોતે પોતાના વિશે નમ્રતાથી કહે છે, 'હું એક સામાન્ય કક્ષાની બુદ્ધિમત્તા ધરાવતો એક સરેરાશ વ્યક્તિ છું.'

નવોદિત લેખકોને આપેલી દસ આજ્ઞાઓમાંથી પહેલી છે – ભાષા પર પ્રભુત્વ મેળવવાની રીત. એ માટે વિચારોને સરળ – સાદી ભાષામાં મૂકો. ક્વોટેશનોથી દૂર રહો. બીજી આજ્ઞા છે ઉત્તમ પુસ્તકોનું વાચન. તેનાથી ભાષાશૈલી ઘડાશે. વિચારોને, ખ્યાલોને રજૂ કરતાં આવડશે. ત્રીજી આજ્ઞા છે જે લખવા ચાહો તેની પાયાની વિગતો પ્રાપ્ત કરી લો. જરૂરી માહિતી મેળવી લો. પછી જ લખો. ચોથી આજ્ઞા છે રોજનો સમય નક્કી કરી લખવાનો પ્રારંભ કરો અને એને વળગી રહો. પાંચમી આજ્ઞા છે લખતાં પહેલાં કાગળમાં કે મનમાં આયોજન કરો. તે અંગેના મુદ્દા વિચારી કાગળ પર નોંધો કે મનમાં ગોઠવી લો. પછી તે સડસડાટ લખાશે. છઠ્ઠી આજ્ઞા છે જિજ્ઞાસા કેળવો. પત્રકારો – લેખકોને માટે આ ગુણ હોવો ખાસ જરૂરી છે. સાતમી આજ્ઞા – અન્ય લેખકો-પત્રકારો સાથે સંપર્કમાં રહેવાનું ફરમાવે છે. જેથી એમનો ઘણી રીતે લાભ મળી શકે. આઠમી આજ્ઞા આપતાં કહે છે કે – તમારાં ટીકા-ટિપ્પણનો સ્વીકાર કરો. તેનાથી તમારું લખાણ સુધરશે. નવમી આજ્ઞામાં કહે છે લખો... ફરીફરીને લખો. મઠારો. જગતની મહાન કૃતિઓ એ રીતે જ લખાઈ છે. છેલ્લી દસમી આજ્ઞામાં કહે છે 'સમયમર્યાદાનો સ્વીકાર' કરો. સમયમર્યાદામાં રહી લખો તો જ તેનો અર્થ થાય.

– આમ સંપૂર્ણ સમાચાર કેવી રીતે સંપૂર્ણ બને છે તે પણ તેઓ પુસ્તક દ્વારા શીખવે છે તો કટોકટી વખતે પત્રકારનો શો ધર્મ હોઈ શકે છે તેની પર પણ પ્રકાશ પાડે છે. લખાણને મઠારવાની પણ કલા છે તેનો રસ પડે એમ ઉલ્લેખ કરે છે.

અનુવાદની કલા પણ ઉત્તમ અનુવાદોનાં ઉદાહરણથી લેખકે સમજાવી છે. જે વાંચતાં અનુવાદ કરવાની પ્રેરણા મળે એવું છે તેના સિદ્ધાંતો શું છે ને તેની સ્વતાલીમ કેવી રીતે લઈ શકાય તે પણ સમજાવ્યું છે.

ટૂંકમાં આ પુસ્તક પત્રકારત્વક્ષેત્રે પ્રવેશ કરવા ઇચ્છુક યુવાનોએ વાંચવું જ રહ્યું. સામાન્ય રીતે જીવનને સુંદર બનાવવા, નિષ્ઠાથી જીવવા ચર્ચની વ્યાસપીઠ પરથી ફાધર બોધ આપે છે, પરંતુ અહીં તો શબ્દો સાથે પનારો પાડનારને માટે ઊંચો, પવિત્ર અને સાચી દિશાનો સાચા અર્થનો બોધ ફાધરે આપ્યો છે. આ ક્ષેત્રમાં ફાધર વર્ગીસ પૉલનું પુસ્તક 'લેખન અને પત્રકારત્વ' પત્રકાર થવા ઇચ્છુકોનું 'બાઇબલ' ગણાશે એ નિશ્ચિત ને નિઃશંક છે.

r



# પરિષદ બંધારણસુધારણા (મુસદ્દો)

ગુજરાતી સાહિત્ય પરિષદના સર્વ સભ્યો જોગ,

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રીના સૂચન મુજબ હાથ ધરાયેલી બંધારણ સુધારણાની કામગીરી અન્વયે બંધારણ સુધારણા સમિતિની બેઠક તા. ૨૦-૫-૨૦૦૯ના રોજ મળી હતી. તેમાં ભલામણ થયેલ બંધારણની સૂચિત કલમો સાથેના સાહિત્ય પરિષદના બંધારણનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે.

પરિષદની 'અસાધારણ સામાન્ય સભા'ની બેઠક **તા. ૨૮-૬-૨૦૦૯**, રવિવારે સાંજે ૪-૦૦ વાગ્યે પરિષદભવનમાં રાખવામાં આવી છે. તેમાં રજૂ થનાર બંધારણ સુધારણાનો મુસદ્દો આ સાથે આપવામાં આવ્યો છે. વર્તમાન બંધારણના વિભાગ-૧૦, કલમ-૬૨ અનુસાર સુધારા રજૂ કરી શકાશે.

સર્વ સભ્યોને હાજરી આપવા નિમંત્રણ છે.

તા. ૧૦-૬-૨૦૦૯

**મનસુખ સલ્લા**
વહીવટી મંત્રી

## બંધારણ સુધારણાનો મુસદ્દો

## ગુજરાતી સાહિત્ય પરિષદ
## બંધારણ

[મૂળ કલમ અને ફેરફારવાળી સૂચિત કલમ]

### વિભાગ–૧ નામ, હેતુઓ

કલમ : ૧ આ સંસ્થાનું નામ 'ગુજરાતી સાહિત્ય પરિષદ' રહેશે.

કલમ : ૨ ગુજરાતી સાહિત્ય પરિષદનું કાર્યાલય ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ રહેશે.

કલમ : ૩ આ પરિષદ નીચેના હેતુઓથી સ્થાપવામાં આવી છે :

અ : ૧. ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કારની સર્વ શાખાઓ અને પ્રવૃત્તિઓને સંરક્ષવી અને વિકસાવવી.

૨. ગુજરાતી ભાષામાં કે ગુજરાતી ભાષા-સાહિત્ય વિશે લખાયેલાં પુસ્તકો સંરક્ષવાં, તૈયાર કરાવવાં, છાપવાં કે પ્રસિદ્ધ કરવાં-કરાવવાં.

સૂચિત : ૨ ગુજરાતી ભાષામાં લખાયેલાં કે ભાષા-સાહિત્ય વિશે લખાયેલાં પુસ્તકો, હસ્તપ્રતો વગેરે સંરક્ષવાં, તૈયાર કરાવવાં, પ્રગટ કરવાં-કરાવવાં.

૩. ગુજરાતી ભાષા બોલનારાંઓનું સાંસ્કૃતિક ઐક્ય સર્વત્ર જળવાઈ રહે તે માટેના સર્વ પ્રયાસો કરવા.

૪ શિક્ષણમાં ગુજરાતી ભાષા સુબોધ અને પ્રાણવાન બને એ માટે સર્વ પ્રયત્નો કરવા.

૫ ગુજરાતી ભાષામાં કોશસાહિત્યનો પ્રબંધ કરવો.

૬ જૂના ગુજરાતી ઢાળો અને લોકસાહિત્યનું રેકૉર્ડિંગ કરાવવું તેમજ અન્ય પ્રકારે એ સાહિત્યને સંરક્ષવા પ્રયાસો કરવા.

૭ લેખકનિધિનો પ્રબંધ કરવો.

સૂચિત : ૮ (ઉમેરણ) સમાજના છેવાડાના માણસ સહિતના સર્વાંગી ઉત્કર્ષ માટે પ્રેરક નીવડે એવા સાહિત્યનું નિર્માણ કરવું-કરાવવું અને તેને ઉપકારક કાર્યક્રમોનું આયોજન કરવું.

સૂચિત : ૯ (ઉમેરણ) ભારતની વિવિધ પ્રાદેશિક ભાષાઓના સાહિત્ય જોડે ગુજરાતી ભાષા-સાહિત્યનો સંપર્ક અને આદાનપ્રદાન વધે તે માટે વિધાયક ભૂમિકા અદા કરવી.

આ. ઉપરના હેતુઓ પાર પાડવા માટે

૧. પરિષદની શાખાઓ ખોલવી.

સૂચિત : ૧ જુદા જુદા વિસ્તારોમાં સાહિત્યિક સંસ્થાઓ શરૂ થાય તેને પ્રોત્સાહન આપવું.

૨. પુસ્તકાલયો, સંગ્રહસ્થાનો, છાપખાનાં કે એવી બીજી સંસ્થાઓ નિભાવવી, ખોલવી, જોડવી, ખરીદવી, ભેળવી દેવી કે તેવી સંસ્થાઓને ઉત્તેજન આપવું.

૩. ગુજરાતી સાહિત્ય અને સંસ્કારોને લગતાં સંમેલનો, પ્રદર્શનો, જ્ઞાનસત્રો વગેરે યોજવાં.

સૂચિત : ૩ ગુજરાતી સાહિત્ય અને સંસ્કારને લગતાં સંમેલનો, પ્રદર્શનો, જ્ઞાનસત્રો, સાહિત્યસત્રો, વિચારગોષ્ઠિઓ વગેરે યોજવાં.

૪. ગ્રંથશ્રેણીઓ તૈયાર કરી પ્રકાશિત કરવી, વ્યાખ્યાનો યોજવાં, પરીક્ષાઓ લેવી, સામયિકપત્રો પ્રસિદ્ધ કરવાં.

૫. ગુજરાતી ભાષા-સાહિત્યનો ઇતિહાસ તથા ગુજરાતીમાં કોશ-સાહિત્ય તૈયાર કરાવીને પ્રગટ કરવાનો પ્રબંધ કરવો.

૬. ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કાર અને કલાને લગતી તેમજ પ્રજાને લગતી હકીકતોનું સંશોધન કરવું અથવા એ પ્રકારની પ્રવૃત્તિઓને સહાયભૂત થવું.

૭. પરિષદના હેતુને પાર પાડવા કે આગળ વધારવામાં સહાયરૂપ થઈ પડે તેવાં ટ્રસ્ટફંડો કે દાનો સ્વીકારવાં અને બંધારણ અનુસાર તેનો વહીવટ કરવો.

સૂચિત : ૭. પરિષદના હેતુઓને પાર પાડવા કે આગળ વધારવામાં સહાયરૂપ થાય તેવાં ટ્રસ્ટફંડો, દાન તેમજ અનુદાન સ્વીકારવાં અને પરિષદના બંધારણ અનુસાર તેનો વહીવટ કરવો.

## વિભાગ – ૨. પરિષદની રચના અને સભ્યપદના પ્રકારો

કલમ : ૪ પરિષદના સભ્યોના પ્રકાર નીચે પ્રમાણે રહેશે :

ક. પરિષદના તથા સંમેલનના પ્રમુખો

સૂચિત : ક પરિષદના પ્રમુખો

ખ. પરિષદે નિયુક્ત કરેલા સાતથી વધારે નહિ એટલા સન્માન્ય સભ્યો

સૂચિત : ખ પરિષદે નિયુક્ત કરેલા સાતથી વધારે નહિ તેટલા સન્માન્ય સભ્યો. (પરિષદના પૂર્વ પ્રમુખો આપોઆપ સન્માન્ય સભ્યો ગણાશે.)

ગ. રૂ. ૨૫,૦૦૦/- કે તેથી વિશેષ રકમ આપનારા સંવર્ધકો

ઘ. રૂ. ૫૦૦૦/- કે તેથી વિશેષ રકમ આપનારા દાતાઓ

સૂચિત : ગ અને ઘ : પરિષદની કાર્યવાહક સમિતિએ જે-તે સમયે સંવર્ધક અને દાતા સભ્યની રકમ ઠરાવેલી હોય તે રકમ આપનાર સંવર્ધકો અને દાતાઓ

ઙ. રૂ. ૧૫૦૦/- કે તેથી વધુ રકમ આપનારા આજીવન સભ્યો (સંસ્થા માટે આજીવન સભ્ય ફી રૂ. ૨,૦૦૦/- રહેશે.) એપ્રિલ ૨૦૦૩થી અમલમાં આવે તે રીતે.

ચ. પરિષદની વાર્ષિક અને આજીવન સભ્યપદની વ્યક્તિની અને સંસ્થાની ફી મધ્યસ્થ સમિતિ નક્કી કરશે. નોંધ : ઉપર્યુક્ત વિભાગોમાં સભ્ય થનારી વ્યક્તિએ ૧૮ વર્ષ પૂરાં કર્યાં હોવાં જોઈએ.

સૂચિત : ચ (ઉપરની બંને કલમના વિકલ્પે) પરિષદની કાર્યવાહક સમિતિએ ઠરાવેલી વાર્ષિક અને આજીવન સભ્ય ફી ભરનાર વ્યક્તિ-સભ્યો અને સંસ્થાસભ્યો (સભ્ય થનારી વ્યક્તિએ ૧૮ વર્ષ પૂરાં કર્યાં હોવાં જોઈએ.)

છ. સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રમાં કામ કરતી રજિસ્ટર્ડ અને અથવા પોતાની, પચ્ચીસ કે તેથી વધુ સભ્યસંખ્યા ધરાવતી અને ઓછામાં ઓછા એક વર્ષથી નિયમિત ચાલતી અને સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ - મધ્યસ્થ સમિતિએ નિયત કરેલી સભ્યપદ માટેની ફી ભરી હોય તેવી પરિષદની સભ્યસંસ્થાઓ. નોંધ : સભ્યસંસ્થા ઠરાવ કરીને પ્રતિનિધિનું નામ મોકલશે. આજીવન સભ્ય હોય અથવા સતત ત્રણ વર્ષથી સભ્ય હોય તેવી સંસ્થા ચૂંટણીમાં ભાગ લઈ શકશે.

સૂચિત : છ સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રમાં કામ કરતી રજિસ્ટર્ડ સંસ્થાઓ સંસ્થાસભ્ય બની શકશે. નોંધ : સભ્યસંસ્થા ઠરાવ કરીને પ્રતિનિધિનું નામ મોકલશે. આજીવન સભ્ય હોય અથવા સતત ત્રણ વર્ષ સુધી સભ્ય હોય તેવી સંસ્થા ચૂંટણીમાં ભાગ લઈ શકશે.

## વિભાગ – ૩ પરિષદની મધ્યસ્થ સમિતિ

કલમ : ૫ પરિષદને લગતી સર્વ બાબતોની વ્યવસ્થા નીચે પ્રમાણે બનેલી મધ્યસ્થ સમિતિ કરશે.

સૂચિત : કલમ-૫ પરિષદની નીતિવિષયક બાબતો અંગેનો નિર્ણય નીચે પ્રમાણે બનેલી મધ્યસ્થ સમિતિ કરશે.

ક. સાહિત્ય પરિષદના વરાયેલા પ્રમુખ અને વર્તમાન પ્રમુખ, તેની અગાઉના ભૂતપૂર્વ પ્રમુખો આમંત્રિત સભ્ય રહેશે. પરિષદ સંમેલનના વિભાગીય અધ્યક્ષો બે વર્ષની

મુદત માટે આમંત્રિત સભ્ય રહેશે.

સૂચિત : ક પરિષદના વર્તમાન પ્રમુખ

૧. સંમેલનના પ્રમુખ તે સાહિત્ય પરિષદના પણ પ્રમુખ ગણાશે.

૨. કોઈ પણ કાર્યવાહીમાં પ્રમુખશ્રીનાં નિર્ણય કે અર્થઘટન (રુલિંગ) છેવટનાં ગણાશે.

૩. પ્રમુખની મુદત બે વર્ષની રહેશે. (સંમેલનથી અનુગામી સંમેલન સુધી)

ખ. પરિષદે નિયુક્ત કરેલા સાતથી વધારે નહિ એટલા સન્માન્ય સભ્યો. (નોંધ : આ સન્માન્ય સભ્યો નિયુક્ત કરવા માટે મધ્યસ્થ સમિતિ દ્વારા સૂચવેલાં નામોમાંથી વરણી કરવાનું કામ પરિષદના વર્તમાન પ્રમુખ, એક ભૂતપૂર્વ પ્રમુખ અને વરાયેલા પ્રમુખની સમિતિ કરશે.)

ગ. સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા પરિષદના સામાન્ય સભ્યો, ચૂંટણીના વર્ષના જૂન માસના અંત સુધીમાં નોંધાયેલા આજીવન સભ્યો અને શુભેચ્છક સભ્યોએ ચૂંટેલા ચાલીસ સભ્યો.

સૂચિત : ગ સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા પરિષદના સામાન્ય સભ્યો તેમજ ચૂંટણીના વર્ષના માર્ચ માસના અંત સુધીમાં નોંધાયેલા આજીવન સભ્યોએ ચૂંટેલા ચાલીસ સભ્યો.

ઘ. રૂ. ૫૦૦૦/- (પાંચ હજાર) કે તેથી વિશેષ રકમ આપનારા દાતાઓએ પોતાનામાંથી ચૂંટેલા ચાર સભ્યો.

સૂચિત : ઘ દાતાઓએ પોતાનામાંથી ચૂંટેલા ચાર સભ્યો

ચ. રૂ. ૨૫,૦૦૦/- (પચ્ચીસ હજાર) કે તેથી વધુ રકમ આપનારા સંવર્ધકોએ પોતાનામાંથી ચૂંટેલા ચાર સભ્યો.

સૂચિત : ચ સંવર્ધકોએ પોતાનામાંથી ચૂંટેલા ચાર સભ્યો.

છ. (૧) સભ્ય સંસ્થાઓએ ચૂંટેલા સાત સભ્યો, જે પરિષદના આજીવન સભ્ય હોય. (૨) ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટીઓ.

નોંધ : ઉપર્યુક્ત સભ્ય સંસ્થાઓએ ચૂંટવાના મધ્યસ્થ સમિતિના સાત પ્રતિનિધિઓની જગ્યાઓ ઉપર એ જ સભ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ ઊભા રહી શકશે જે સભ્ય સંસ્થાઓના પંદર સભ્યો પરિષદના પણ આજીવન સભ્ય હોય. આવા સભ્યોનાં નામોની અલગ યાદી જે તે સંસ્થાએ પોતાના પ્રતિનિધિને ઊભા રાખતી વખતે મોકલવાની રહેશે તથા સંસ્થા વતી મતદાન કોણ કરશે તે અંગે ઠરાવ કરીને તેની જાણ કરવાની રહેશે.

જ. આ ઉપરાંત મધ્યસ્થ સમિતિ પોતાને જરૂર જણાતાં વધુમાં વધુ ચાર સભ્યોને કો-ઓપ્ટ કરી શકશે.

સૂચિત : જ મધ્યસ્થ સમિતિ વધુમાં વધુ ચાર સભ્યો કો-ઓપ્ટ કરી શકશે.

**ઝ મધ્યસ્થ સમિતિની રચના નીચે મુજબ રહેશે.**

૧. વર્તમાન પ્રમુખ અને તમામ ભૂતપૂર્વ પ્રમુખો

૨. ટ્રસ્ટીઓ - નવ

સૂચિત : ૨ ટ્રસ્ટીઓ

૩. કલમ-૫-ગ અન્વયે ચૂંટાયેલા સભ્યો - ચાલીસ

૪. મધ્યસ્થ સમિતિએ કો-ઓપ્ટ કરેલા સભ્યો - ચાર

૫. સંસ્થાના પ્રતિનિધિઓ - સાત

૬. સંવર્ધકોના પ્રતિનિધિઓ - ચાર

૭. દાતાના પ્રતિનિધિઓ - ચાર

૮. સન્માન્ય સભ્યો - સાત

૯. સંમેલનની સ્વાગત સમિતિના સભ્યો - બે

સૂચિત : ૯. અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ અને મંત્રી - બે સભ્યો. (તેમની મુદત બે વર્ષની રહેશે.)

સૂચિત : ૬. મધ્યસ્થ સમિતિના સભ્યોની ચૂંટણી

(યથાવત) કલમ ૫-ગ, ૫-ઘ, ૫-ચ, ૫-છમાં દર્શાવેલા સભ્યોની ચૂંટણી Compulsory Distributive Votingની પદ્ધતિથી (અર્થાત્ જેટલી સભ્યસંખ્યા મુકરર થઈ હોય તેટલી સંખ્યા જેટલા ઉમેદવારોને ફરજિયાત મત આપવા તે પદ્ધતિથી) થશે. બાકીના પ્રકારોમાં મધ્યસ્થ સમિતિ ઠરાવે તે પદ્ધતિથી ચૂંટણી થશે.

૭. કલમ ૫-ગ-ઘ અને ચમાં દર્શાવેલા સભ્યોની ચૂંટણીની બાબતમાં સભ્યપદના પ્રત્યેક ઉમેદવારે નિયત થયેલું અને યોગ્ય રીતે એટેસ્ટ કરેલું ઉમેદવારી પત્રક (નોમિનેશન પેપર) ભરવાનું રહેશે. કલમ પાંચ-ચ મુજબના સંવર્ધકો પોતાના પ્રતિનિધિનું નામ સૂચવી શકશે.

૮. કલમ-૫ની પેટાકલમો ગ, ઘ, ચ અને છમાં દર્શાવેલા મધ્યસ્થ સમિતિના સભ્યપદની ઉમેદવારી કરનારની યોગ્યતા નીચે મુજબની હોવી જોઈએ.

૧. તેણે ૨૧ વર્ષ પૂરાં કર્યાં હોય.

૨. ઉમેદવારી કરતાં અગાઉ સતત ત્રણ વર્ષ સુધી તે પરિષદના સભ્ય રહ્યા હોય અથવા આજીવન સભ્ય હોય.

સૂચિત : ૨ ઉમેદવારી કરતાં અગાઉ સતત ત્રણ વર્ષ સુધી તે પરિષદના સભ્ય રહ્યા હોય અથવા ચૂંટણીના જે-તે વર્ષે માર્ચ મહિના સુધીમાં આજીવન સભ્ય થયા હોય.

૩. તેનું ઓછામાં ઓછું એક ગુજરાતી પુસ્તક પ્રસિદ્ધ થયું હોય અથવા પ્રતિષ્ઠિત ગુજરાતી સામયિકોમાં તેના ઓછામાં ઓછા દસ સંશોધન-વિવેચન લેખો પ્રસિદ્ધ થયા હોય અથવા દસ સર્જનાત્મક કૃતિઓ પ્રસિદ્ધ થયેલી હોય.

નોંધ : કલમ પાંચ-ચ મુજબના સંવર્ધક સભ્યોને ઉપરની કલમ આઠની પેટા કલમ બે અને ત્રણ લાગુ પડતી નથી.

૯. નિયત કરેલા સમયમાં આપેલા અને પ્રમાણભૂત ઠરેલાં ઉમેદવારી-પત્રકો ઉપરથી વર્ણાનુક્રમે મતપત્રક તૈયાર કરવામાં આવશે અને પરિષદના દરેક પ્રકારના સભ્યને પરિષદનું કાર્યાલય ટપાલથી સંબંધિત મતપત્રક મોકલી આપશે.

સૂચિત : ૯. નિયત કરેલા સમયમાં મળેલાં અને પ્રમાણભૂત ઠરેલાં ઉમેદવારી-પત્રકો ઉપરથી વર્ણાનુક્રમે મતપત્રક તૈયાર કરવામાં આવશે અને પરિષદના દરેક સભ્યને પરિષદનું ચૂંટણી કાર્યાલય ટપાલથી કે કુરિયરથી સંબંધિત મતપત્રક મોકલી આપશે.

૧૦. મતપત્રકો પાછાં ફર્યાં પછી મતગણતરી કરવા માટે નિયુક્ત કરેલી સમિતિ મતગણતરી કરશે અને કાર્યાલય ચૂંટણીનું પરિણામ જાહેર કરશે.

સૂચિત : ૧૦. ચૂંટણી અધિકારી મતગણતરી કરશે અને ચૂંટણીનું પરિણામ જાહેર કરશે.

૧૧. દરેક વર્ષ દરમિયાન મધ્યસ્થ સમિતિની ઓછામાં ઓછી બે બેઠકો મેળવવામાં આવશે.

સૂચિત : ૧૧. વર્ષ દરમિયાન મધ્યસ્થ સમિતિની ઓછામાં ઓછી બે બેઠકો યોજવામાં આવશે.

૧૨. મધ્યસ્થ સમિતિની કાર્યસાધક સભ્યસંખ્યા પંદરની ગણાશે.

નોંધ : મધ્યસ્થ સમિતિના જે સભ્યો મધ્યસ્થ સમિતિની બેઠકોમાં સતત ત્રણ વખત જાણ કર્યા વિના ગેરહાજર રહેશે એ સભ્યોનું સભ્યપદ કાર્યવાહક સમિતિ રદ કરી શકશે.

સૂચિત : આ નોંધ રદ કરવી.

## વિભાગ : ૪ કાર્યવાહક સમિતિ

૧૩. પ્રમુખ સહિત તેઓ કાર્યવાહક સમિતિ રૂપે મધ્યસ્થ સભાને અધીન રહીને કાર્ય કરશે.

સૂચિત : ૧૩ કાર્યવાહક સમિતિ નીચેના સભ્યોની બનેલી રહેશે :

૧. પ્રમુખ

૨. બે ઉપપ્રમુખો સહિત ચાર મંત્રીઓ, એક કોષાધ્યક્ષ અને સાત સામાન્ય સભ્યોની ચૂંટણીમાં મતદાનનો અધિકાર મધ્યસ્થ સમિતિના સભ્યોને રહેશે અને તેમાં મધ્યસ્થ સમિતિના સભ્યો જ ઉમેદવારી કરી શકશે. બે ઉપપ્રમુખો પૈકી ઓછામાં ઓછા એક પરિષદ-સ્થળના (સ્થાનિક) હશે.

મધ્યસ્થ સમિતિની ચૂંટણી પછી કાર્યવાહક સમિતિની ચૂંટણી, મધ્યસ્થ સમિતિની પદ્ધતિએ યોજવી અને સંમેલન પૂર્વે એનું પરિણામ જાહેર કરવું.

સૂચિત : ૨ બે ઉપપ્રમુખો અને પાંચ મંત્રીઓ તથા એક કોષાધ્યક્ષ અને સાત સામાન્ય સભ્યો રહેશે. કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણીમાં મતદાનનો અધિકાર મધ્યસ્થ સમિતિના સભ્યોને જ રહેશે. આ જગ્યાઓ માટે મધ્યસ્થ સમિતિના સભ્યો જ ઉમેદવારી કરી શકશે.

મધ્યસ્થ સમિતિની ચૂંટણી પછી કાર્યવાહક સમિતિની ચૂંટણી, મધ્યસ્થ સમિતિની પદ્ધતિએ યોજવી અને સંમેલન પૂર્વે તેનું પરિણામ જાહેર કરવું.

બે ઉપપ્રમુખો પૈકી ઓછામાં ઓછા એક પરિષદ-સ્થળના (સ્થાનિક) હશે.

૩. ચાર મંત્રીઓ આ પ્રમાણે રહેશે :

સૂચિત : ૩ પાંચ મંત્રીઓ આ પ્રમાણે રહેશે :

(૧) વહીવટીમંત્રી : સામાન્ય વહીવટ અને સંમેલન-જ્ઞાનસત્રની જવાબદારી સંભાળે, જે કાર્યાલયના સ્થળના હોય.

સૂચિત : ૧ મહામંત્રી (વહીવટીમંત્રી) : કારોબારીના નિર્ણયોનો અમલ કરશે અને સામાન્ય વહીવટ સંભાળશે તથા સંમેલન અને જ્ઞાનસત્રની સઘળી જવાબદારી સંભાળશે. મહામંત્રી કાર્યાલયસ્થળના (સ્થાનિક) હશે. મહામંત્રી નીચે દર્શાવ્યા સિવાયનાં તમામ કાર્યોની ફાળવણી જે તે સમય જે તે મંત્રીને કરશે યા તે જવાબદારી જાતે સંભાળી લેશે.

(૨) પ્રકાશનમંત્રી : પુસ્તકો, સામયિકોના પ્રકાશનના પ્રશ્નો અને પારિતોષિકોને લગતી જવાબદારી સંભાળે.

સૂચિત : ૨ પ્રકાશનમંત્રી : પુસ્તકો, સામયિકોના પ્રકાશનની વ્યવસ્થા કરશે અને તેના પ્રશ્નો હલ કરશે તેમજ પારિતોષિકોને લગતી જવાબદારી સંભાળશે.

(૩) પ્રસારમંત્રી : જનસંપર્ક, વ્યાખ્યાનો, ગોષ્ઠિઓ, પરિસંવાદો, શિબિરો, સત્રોનાં આયોજન-સંચાલનની જવાબદારી સંભાળે.

સૂચિત : ૩ પ્રસારમંત્રી : વ્યાખ્યાનો, ગોષ્ઠિઓ, પરિસંવાદો, શિબિરો, સત્રોનાં આયોજન-સંચાલનની જવાબદારી સંભાળશે.

(૪) વિકાસમંત્રી : પરિષદના સભ્ય નોંધાવવામાં, સાહિત્ય અને કળાની સંસ્થાઓ ઊભી કરવામાં સક્રિય રહે. જે કાર્યાલય-સ્થળની બહારના હશે.

સૂચિત : ૪ વિકાસમંત્રી : જનસંપર્ક, પરિષદના સભ્યોની નોંધણી વધારવી તથા સાહિત્યિક સંસ્થાઓ સાથે સાહિત્યપરિષદના સંકલન-સંયોજનની તથા સાહિત્યયાત્રાની જવાબદારી સંભાળશે. જે કાર્યાલય-સ્થળની બહારના હશે.

સૂચિત : ૫ ગ્રંથાલય અને પ્રદર્શનમંત્રી : સાહિત્ય પરિષદના ગ્રંથાલયની વ્યવસ્થા યોગ્ય રીતે થાય તેની જવાબદારી સંભાળશે તથા પરિષદ દ્વારા ગોઠવાતાં પ્રદર્શનોની જવાબદારી સંભાળશે. ગ્રંથાલય અને પ્રદર્શનમંત્રી કાર્યાલય-સ્થળના હશે.

નોંધ : સામાન્ય વહીવટ કરનાર મંત્રી આવશ્યકતાનુસાર તમામ કાર્ય સંભાળી લેશે.

સૂચિત : આ નોંધ રદ કરવી.

૩. કોષાધ્યક્ષ : જે સંસ્થાની આવક-જાવકના પ્રશ્નો અને હિસાબો પર નજર રાખશે અને કાર્યાલયના સ્થળના હશે.

સૂચિત : ૩ કોષાધ્યક્ષ : પરિષદની આવક-જાવકના પ્રશ્નો અને તમામ હિસાબો પર દેખરેખ રાખશે. બજેટ તૈયાર કરશે તથા તેની મધ્યસ્થ સમિતિમાં બહાલી મેળવશે. કોષાધ્યક્ષ કાર્યાલયના સ્થળના હશે.

૪. સાત સામાન્ય સભ્યો (કલમ ૨૯ની નોંધ મુજબ ટ્રસ્ટીઓ આમંત્રિત)

સૂચિત : (કલમ ૨૯ની નોંધ મુજબ ટ્રસ્ટીઓ કાર્યવાહક સમિતિના સભ્યો ગણાશે.)
નોંધ : છેલ્લા સંમેલનના પ્રમુખ પોતાના હોદ્દાની રૂએ પરિષદના, મધ્યસ્થ સમિતિના અને કાર્યવાહક સમિતિના પ્રમુખ ગણાશે. રાજીનામું આપવાને લીધે કે અન્ય કોઈ કારણસર પ્રમુખની જગ્યા ખાલી પડે તો બે ઉપપ્રમુખો પૈકી સાહિત્ય પરિષદની સેવાના સંદર્ભમાં કાલજ્યેષ્ઠ (સિનિયર) હોય તે ઉપપ્રમુખ કાર્યકારી પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળશે, પરંતુ જો બાકી રહેલો સમયગાળો છ માસથી વધુ હોય તો નવા પ્રમુખની વિધિસર ચૂંટણી કરવાની રહેશે અને તે રીતે ચૂંટાયેલા પ્રમુખ બાકીના સમયગાળા માટે પ્રમુખ તરીકે સેવાઓ આપશે.

સૂચિત : નોંધ : છેલ્લા સંમેલનના પ્રમુખ પોતાના હોદ્દાની રૂએ પરિષદ, મધ્યસ્થ સમિતિ અને કાર્યવાહક સમિતિના પ્રમુખ ગણાશે. રાજીનામું આપવાને લીધે કે અન્ય કોઈ કારણસર પ્રમુખની જગ્યા ખાલી પડે તો બે ઉપપ્રમુખો પૈકી સાહિત્ય પરિષદની સેવાના સંદર્ભે કાલજ્યેષ્ઠ (સિનિયર) હોય તે કાર્યકારી પ્રમુખ તરીકેની જવાબદારી બાકી રહેલા સમયગાળા માટે સંભાળશે.

૧૪. કાર્યવાહક સમિતિની વર્ષ દરમિયાન ઓછામાં ઓછી ચાર બેઠકો થશે.

૧૫. કાર્યવાહક સમિતિની કાર્યસાધક સંખ્યા છની ગણાશે.

૧૬. પરિષદના હેતુઓ પાર પાડવા મધ્યસ્થ સમિતિના ઠરાવ અનુસાર કાર્યવાહક સમિતિના હોદ્દેદારો પ્રવૃત્તિઓ યોજશે અને તેમની જવાબદારી સંયુક્ત રહેશે.

## વિભાગ : ૫ મધ્યસ્થ સમિતિ તથા કાર્યવાહક સમિતિની સત્તાઓ અને ફરજો

૧૭. મધ્યસ્થ સમિતિ તથા કાર્યવાહક સમિતિ પોતપોતાના અધિકારોની મર્યાદામાં રહી પરિષદનો સર્વ વહીવટ કરશે અને તે અર્થે બીજાં કામો ઉપરાંત પરિષદના નામે

સૂચિત : ૧૭. મધ્યસ્થ સમિતિ તથા કાર્યવાહક સમિતિ પોતપોતાના અધિકારોની મર્યાદામાં રહીને પરિષદની સર્વ કામગીરી કરશે અને તે અર્થે પરિષદના નામે,

૧. આવશ્યક પ્રવૃત્તિઓ શરૂ કરશે અને તે ચાલુ રાખશે.

૨. પરિષદથી નિભાવાતી સંસ્થાઓને માર્ગ દર્શાવશે અને તેમના પર કાબૂ ધરાવશે.

સૂચિત : ૨ પરિષદ સંલગ્ન સાહિત્યિક સંસ્થાના જોડાણનો નિર્ણય કાર્યવાહક સમિતિ કરશે.

૩. ભંડોળ અથવા જે સધ્ધર જામીનગીરીઓનાં ભંડોળનાં નાણાં રોકાયાં હશે તે ભેગાં કરશે, લેશે અને વેચશે, રોકાણ કરશે, તેમનો નિકાલ કરશે અને ખર્ચશે.

સૂચિત : ૩ પરિષદના હેતુને અનુકૂળ પ્રવૃત્તિઓ માટે ભંડોળ ઊભું કરવું, તેનું ફિક્સ ડિપોઝિટ રૂપે સધ્ધર જામીનગીરીમાં રોકાણ કરવું, તે પરત મેળવવું, જે હેતુ માટે રકમ મળી હોય તેનું સંચાલન કરવું, ખર્ચ કરવો, તેના હિસાબો રખાવવા.

૪. પરિષદને નામે સ્થાવર મિલકત મેળવશે, ખરીદશે, વેચશે, ગીરો મૂકશે, સમારાવશે, ફરી બંધાવશે અથવા બીજી રીતે લેવડદેવડનો નિકાલ કરશે.

સૂચિત : ૪ આ કલમ ટ્રસ્ટી મંડળ નીચે મુકાશે.

૧૮. કલમ ૧૭માં આપેલી સામાન્ય સત્તાને કે બંધારણ રૂએ આપવામાં આવેલી બીજી સત્તાને બાધ ન આવે એવી રીતે મધ્યસ્થ સમિતિ નીચેની સત્તાઓ ભોગવશે.

૧. પરિષદની સમિતિઓને લગતા ઉપનિયમો અને ધારાઓ ઘડવા, બદલવા અથવા રદ કરવા.

સૂચિત : ૧ પરિષદની વિવિધ પ્રકારની કામગીરીઓ માટે ઉપસમિતિઓની રચના કરવી, તેમને માટેના નિયમો બનાવવા, બદલવા કે રદ કરવા. તેમજ પરિષદે કરવાનાં કાર્યો અંગે નીતિવિષયક નિર્ણયો કરવા.

૨. દર વર્ષે ફેબ્રુઆરીમાં કાર્યવાહક સમિતિ અંદાજપત્ર તૈયાર કરી 'પરબ'ના અનુગામી અંકમાં પ્રગટ કરશે અને સામાન્ય સભ્યોનાં સૂચનો મંગાવી મધ્યસ્થ સમિતિ સમક્ષ રજૂ કરી પછીની બેઠકમાં એને છેવટનું સ્વરૂપ આપશે. ઑડિટેડ હિસાબો પહેલાં મધ્યસ્થ સમિતિ સમક્ષ રજૂ થશે પછી એની ભલામણ સાથે મંજૂરી માટે વાર્ષિક સામાન્ય સભા સમક્ષ રજૂ થશે.

૩. પોતાના હાથમાંનાં નાણાં અને ભંડોળ સંબંધમાં પાવતીઓ આપવી, તે નાણાં કબજામાં રાખવાં, આપવાં, મોકલવાં, તેનો વહીવટ કરવો અને તે ખર્ચવા બાબતની વ્યવસ્થા કરવી અને બીજી રીતે આ બંધારણમાં જણાવેલા પરિષદના હેતુઓ પાર પાડવા.

૪. પરિષદ તરફથી આવશ્યક અને યોગ્ય લાગે તે પ્રમાણે દાવા માંડવા, દાખલ કરાવવા, ચલાવવા અને બચાવ કરવો અને જેને, રીતસર અધિકાર આપ્યો હોય તેને પરિષદ તરફથી દાવો કરવા સંબંધી દરેક અધિકારપત્ર કરવાની, આપવાની, તેના પર સહી કરવાની અને તેનો અમલ કરવાની સત્તા ભોગવવી.

સૂચિત : ૪ આ કલમ ટ્રસ્ટી મંડળ નીચે મુકાશે.

૫. વાર્ષિક આવકમાંથી અને બચતમાંથી યોગ્ય લાગે તે રકમ કાયમી ભંડોળમાં જમા કરાવવી.

સૂચિત : ૫ વાર્ષિક આવકમાંથી અને બચતમાંથી યોગ્ય લાગે તે રકમ કાયમી ભંડોળમાં જમા કરાવવી અને તે માટે ટ્રસ્ટીમંડળની બહાલી મેળવવી.

૬. સામાન્યતઃ પરિષદના સામાન્ય કામકાજ પરત્વે અથવા આ બંધારણની રૂએ અપાયેલી બધી કે કોઈ પણ સત્તાના અમલ પરત્વે આવશ્યક જણાય તેવી મંજૂર થયેલી કે અધિકૃત બધી બાબતો અમલમાં મૂકવી, મંજૂર કરવી કે અધિકૃત કરવી.

૭. પોતે યોજેલી પ્રવૃત્તિઓની રૂપરેખા પરિષદ સમક્ષ રજૂ કરવી.

સૂચિત : ૭ પોતે યોજેલી પ્રવૃત્તિઓની રૂપરેખા પરિષદની સામાન્ય સભા સમક્ષ રજૂ કરવી.

૧૯. મધ્યસ્થ સમિતિને અધીન રહીને અને કલમ ૧૭ની જોગવાઈઓને પણ અધીન રહીને કાર્યવાહક સમિતિ નીચેની સત્તાઓ ભોગવશે અને ફરજો બજાવશે.

૧. સંસ્થાના કામકાજ ઉપર અને તેની આંતરિક વ્યવસ્થા ઉપર દેખરેખ અને કાબૂ રાખશે અને નિયમસર વર્તન થાય તે માટે જરૂરી પ્રબંધ કરશે.

૨. મધ્યસ્થ સમિતિની અનુમતિથી કર્મચારીઓ નીમશે કે બરતરફ કરશે.

સૂચિત : ૨ મધ્યસ્થ સમિતિની અનુમતિથી પરિષદના કામકાજ માટે કર્મચારીઓ નીમશે કે છૂટા કરશે.

૩. મધ્યસ્થ સમિતિના તેમ જ પોતાના કામકાજનો અહેવાલ રાખશે અને તેમાં નીચેની બાબતો દાખલ કરશે.

ક. પરિષદની, મધ્યસ્થ સમિતિની, કાર્યવાહક સમિતિની કે કોઈ ઉપસમિતિની દરેક સભામાં હાજર રહેલા સભ્યોનાં નામ.

ખ. પરિષદની મધ્યસ્થ સમિતિની, કાર્યવાહક સમિતિની કે કોઈ ઉપસમિતિની બેઠકોને લગતો વિગતવાર અહેવાલ તથા તેમાં પસાર થયેલા ઠરાવો.

સૂચિત : ૩ આ કલમ રદ કરવી.

૨૦. કાર્યવાહક સમિતિના હોદ્દેદારો અને કાર્યવાહક સમિતિના સભ્યોના અધિકારકાળ દરમિયાન હોદ્દેદારોનાં કે સભ્યના મૃત્યુ કે રાજીનામાથી કોઈ જગ્યા ખાલી પડશે તો મધ્યસ્થ સમિતિ તે પછીની પ્રથમ બેઠકમાં પોતાના સભ્યોમાંથી તેવી ખાલી પડેલી જગ્યા પુરાય ત્યાં સુધી બાકીના હોદ્દેદારો પોતાની ફરજનો અમલ ચાલુ રાખશે.

સૂચિત : ૨૦ કાર્યવાહક સમિતિના હોદ્દેદારો અને કાર્યવાહક સમિતના સભ્યોના અધિકારકાળ દરમિયાન હોદ્દેદારોના કે સભ્યના મૃત્યુથી કે રાજીનામાથી કોઈ જગ્યા ખાલી પડશે તો મધ્યસ્થ સમિતિ તે પછીની બેઠકમાં પોતાના સભ્યોમાંથી તેવી ખાલી પડેલી જગા પૂરવા વરણી કરશે. હોદ્દેદારોની ખાલી જગ્યા પુરાય ત્યાં સુધી જે તે હોદ્દેદારોની ફરજો બાકીના હોદ્દેદાર/હોદ્દેદારો વચ્ચે પરિષદ-પ્રમુખ વહેંચશે. ફરજ પરના હોદ્દેદારો પોતાની મૂળ ફરજો ઉપરાંત પ્રમુખશ્રીએ સોંપેલી વધારાની ફરજો બજાવશે.

૨૧. કોઈ પણ હોદ્દેદાર પરિષદના અસ્તિત્વને હાનિ પહોંચે એવી રીતે વર્તતા અથવા ભારે ગેરવર્તણૂક ચલાવતા લાગે તો તે સંબંધી બોલાવેલી મધ્યસ્થ સમિતિની ખાસ બેઠકમાં હાજર રહેલા સભ્યોની ૩/૪ બહુમતીથી તેવા હોદ્દેદારોને બરતરફ કરવાની સત્તા મધ્યસ્થ સમિતિની રહેશે.

૨૨. પરિષદની અને મધ્યસ્થ સમિતિની બધી બેઠકોમાં પરિષદના પ્રમુખ કે તેમની ગેરહાજરીમાં ઉપપ્રમુખ પ્રમુખસ્થાન લેશે. ઉપર્યુક્ત બંને હોદ્દેદારોની ગેરહાજરીમાં તે પ્રસંગને માટે બેઠક પોતાના પ્રમુખની ચૂંટણી કરી લેશે.

૨૩. સાધારણ રીતે મધ્યસ્થ સમિતિ અને કાર્યવાહક સમિતિની મુદત ચાર વર્ષની રહેશે.

૨૪. મધ્યસ્થ સમિતિના સભ્યો અને કાર્યવાહક સમિતિના હોદ્દેદારો નવેસર ચૂંટાઈને જૂના સભ્યો તથા હોદ્દેદારો પાસેથી તેમના કામનો હવાલો લે ત્યાં સુધી જૂના સભ્યો અને હોદ્દેદારો પોતપોતાના સ્થાને ચાલુ રહેશે, અને નવી મધ્યસ્થ સમિતિ તથા કાર્યવાહક સમિતિ રચાય ત્યાં સુધી જૂની મધ્યસ્થ સમિતિ અને જૂની કાર્યવાહક સમિતિ ચાલુ રહેશે.

૨૫. કાર્યવાહક સમિતિ બોલાવે ત્યારે અથવા મધ્યસ્થ સમિતિના ઓછામાં ઓછા દસ સભ્યો સ્પષ્ટ પ્રયોજન દર્શાવીને લેખિત માગણી કરે ત્યારે મધ્યસ્થ સમિતિની બેઠક મેળવવામાં આવશે.

નોંધ : પ્રમુખની ચૂંટણી, મધ્યસ્થ સમિતિની ચૂંટણી અને કાર્યવાહક સમિતિની ચૂંટણી યોજવાની કાર્યવાહી હાથ ધરતાં પહેલાં કાર્યવાહક સમિતિ ચૂંટણી સમિતિની નિયુક્તિ કરશે. બંધારણ સાથે પ્રગટ કરેલા ચૂંટણીના નિયમોમાં સ્પષ્ટતા કે ફેરફાર કરવાની સત્તા કાર્યવાહક સમિતિની રહેશે.

સૂચિત : નોંધ :૧. પ્રમુખની ચૂંટણી, મધ્યસ્થ સમિતિની ચૂંટણી અને કાર્યાવહક સમિતિની ચૂંટણી યોજવાની કાર્યવાહી હાથ ધરતાં પહેલાં કાર્યવાહક સમિતિ ચૂંટણી અધિકારીની નિયુક્તિ કરશે. ચૂંટણી અધિકારી કાર્યવાહક અને/અથવા મધ્યસ્થ સમિતિમાંથી ચૂંટણી સમિતિ માટે ચાર સભ્યોની વરણી કરશે.

સૂચિત : ૨ અ. હોદ્દેદારો એક જગ્યા ઉપર બે સત્ર (ટર્મ)થી વધુ વખત રહી શકશે નહીં.

બ. કાર્યવાહક સમિતિના સભ્યનું રાજીનામું કાર્યવાહક સમિતિ મંજૂર કરશે અને મધ્યસ્થ સમિતિના સભ્યનું રાજીનામું મધ્યસ્થ સમિતિ મંજૂર કરશે.

૩. બંધારણ સાથે પ્રગટ કરેલા ચૂંટણીના નિયમોમાં સ્પષ્ટતા કે ફેરફાર કરવાની સત્તા કાર્યવાહક સમિતિની રહેશે.

## વિભાગ : ૬ મિલકત અને નાણાંનો હિસાબ

## સૂચિત : વિભાગ : ૬ નાણાંનો હિસાબ

૨૬. પરિષદ કોઈ પણ કારણસર કામ કરતી બંધ થાય ત્યારે તેનાં સર્વ પ્રકારનાં દેવાં ચૂકવાઈ જાય તે પછી જે કાંઈ મિલકત સિલકમાં રહે તે પરિષદના સભ્યોને વહેંચી આપવામાં આવશે નહીં, પણ તે વખતે અથવા તે પહેલાં સભ્યોએ ઠરાવ્યું હશે તે રીતે, અથવા તો રાજ્યની હાઈકૉર્ટે પોતાની અસલ દીવાની હકૂમતમાં ઠરાવ્યું હશે તે રીતે પરિષદના હેતુઓ કે તેને મળતા હેતુઓથી કામ કરતી સંસ્થાને કે સંસ્થાઓને તે સોંપી દેવામાં આવશે.

સૂચિત : આ કલમ ટ્રસ્ટીમંડળ નીચે મુકાશે.

૨૭. પરિષદનાં બધાં રોકડ ભંડોળો, વખતોવખત અથવા જ્યારે આવશ્યક કે સલાહભર્યું લાગે ત્યારે પ્રમુખ, એક ઉપપ્રમુખ, કોષાધ્યક્ષ અને એક મંત્રી એમ ચારના સંયુક્ત નામે હોદ્દેદારો પોતાને યોગ્ય લાગે તે રીતે અનામત રાખશે કે બૅંકમાં મૂકશે, પરંતુ માત્ર ત્રણ હજાર રૂપિયા કરતાં વધુ નહિ એટલી રકમ ચાલુ ખર્ચ માટે કોષાધ્યક્ષ અને વહીવટી મંત્રીના નામે મધ્યસ્થ સમિતિ બૅંકમાં પોતાની મુનસફીથી રખાવી શકશે.

સૂચિત : ૨૭ પરિષદનાં બધાં રોકડ ભંડોળો, વખતોવખત અથવા જ્યારે આવશ્યક કે સલાહભર્યું લાગે ત્યારે નીચેના ચાર હોદ્દેદારોને નામે મધ્યસ્થ સમિતિ બૅંકમાં મૂકશે કે અનામત રાખશે. (૧) કોષાધ્યક્ષ (૨) મહામંત્રી (૩) ઉપપ્રમુખ (૪) એક ટ્રસ્ટી. ઉપરોક્ત ચાર પૈકીના કોઈ પણ બે હોદ્દેદારોની સહીથી બૅંક સાથેનો વ્યવહાર કરવામાં આવશે. કોષાધ્યક્ષ રૂપિયા પાંચ હજારથી વધુ નહિ એટલી રકમ હાથ પર રાખી શકશે.

૨૮. પરિષદની માલિકીની બધી સ્થાવર મિલકતો તથા ટ્રસ્ટ ફંડો મધ્યસ્થ સમિતિએ નિયુક્ત કરેલા ટ્રસ્ટીઓના સંયુક્ત નામ પર રહેશે.

સૂચિત : આ કલમ ટ્રસ્ટીમંડળ નીચે મુકાશે.

૨૯. ઉપર પ્રમાણે નિયુક્ત કરેલા ટ્રસ્ટીઓની સંખ્યા પાંચ કરતાં ઓછી કે નવ કરતાં વધારે રહેશે નહીં.

સૂચિત : આ કલમ ટ્રસ્ટીમંડળ નીચે મુકાશે.

નોંધ : સાહિત્ય પરિષદમાં આર્થિક ભંડોળ અને મિલકતોનું કામ વધ્યું હોવાથી પરિષદની કાર્યવાહક સમિતિની બેઠકોમાં ટ્રસ્ટીઓને આમંત્રિત સભ્ય તરીકે નિમંત્રણ આપવામાં આવશે અને તેમનું માર્ગદર્શન મેળવવામાં આવશે. ખાસ સંજોગોમાં સહી લેવાની હોય તો પરિપત્ર દ્વારા કામ કરી શકાશે.

સૂચિત નોંધ : સાહિત્ય પરિષદમાં આર્થિક ભંડોળ અને મિલકતોનું કામ વધ્યું હોવાથી પરિષદની કાર્યવાહક સમિતિની બેઠકોમાં ટ્રસ્ટીઓને સભ્ય તરીકે નિમંત્રણ આપવામાં આવશે. ખાસ સંજોગોમાં પરિપત્ર દ્વારા કામ કરી શકાશે.

૩૦. ઉપર પ્રમાણે નિયુક્ત થયેલા ટ્રસ્ટીઓમાંથી કોઈની જગા ખાલી પડશે તો તે ખાલી પડેલી જગા માટે મધ્યસ્થ સમિતિ નવા ટ્રસ્ટીની નિમણૂક કરી શકશે અને એવા નવા નિયુક્ત થયેલા ટ્રસ્ટી, ટ્રસ્ટીઓના કામકાજના અહેવાલની નોંધપોથીમાં પોતાની નિમણૂકનો સ્વીકાર કર્યા બદલ સહી કરશે. પરિષદની મિલકત અને ટ્રસ્ટફંડો બાકીના ટ્રસ્ટીઓમાં તથા ઉપર પ્રમાણેના સ્વીકારી સહી થયા પછી નવા ટ્રસ્ટીઓમાં સ્થાપિત થયેલાં ગણાશે.

સૂચિત : આ કલમ ટ્રસ્ટીમંડળ નીચે મુકાશે.

૩૧. પરિષદની સંસ્થાઓના નિભાવ માટેની તથા કામકાજ પરત્વે થતા બધા પ્રકારના ખર્ચ માટેની તથા મધ્યસ્થ સમિતિએ મંજૂર કરેલી બીજી બધી રકમો આ ભંડોળમાંથી આપવામાં આવશે.

સૂચિત : ૩૧ પરિષદની પેટાસંસ્થાઓના નિભાવ માટેની તથા કામકાજ પરત્વે થતા બધા પ્રકારના ખર્ચ માટેની તથા મધ્યસ્થ સમિતિએ મંજૂર કરેલી બીજી બધી રકમો પરિષદના ભંડોળમાંથી આપવામાં આવશે.

૩૨. કોઈ રકમ, ભંડોળ કે મિલકત મળ્યા બદલ જે પાવતી લખી આપવામાં આવે તેના પર કોષાધ્યક્ષે સહી કરી હશે અને મંત્રીઓમાંના એકે સહી કરી હશે તો તેવી પાવતી પરિષદ તરફથી અપાયેલી રીતસરની પાવતી ગણાશે.

સૂચિત : ૩૨ કોઈ રકમ કે ભંડોળ મળ્યા બદલ જે પાવતી લખી આપવામાં આવે તેના પર મહામંત્રી અને કોષાધ્યક્ષે સહી કરી હશે તો તેવી પાવતી પરિષદની અધિકૃત પાવતી ગણાશે.

૩૩. પરિષદને મળેલાં અને પરિષદે ખર્ચેલાં બધાં નાણાંનો તથા જે બાબતો માટે આવી રકમ મળે કે ખર્ચાય તે બાબતોનો તેમ જ પરિષદની મિલકતનો, લેણાંનો અને દેવાનો હિસાબ હોદ્દેદારો રીતસર રાખશે.

સૂચિત : ૩૩ પરિષદને મળેલાં અને પરિષદે ખર્ચેલાં બધાં નાણાંનો તથા જે બાબતો માટે આવી રકમ મળે કે ખર્ચાય તે બાબતોનો તેમ જ પરિષદની મિલકતનો, લેણાંનો અને દેવાનો હિસાબ હોદ્દેદારો પદ્ધતિસર રાખશે.

૩૪. હિસાબના ચોપડા પરિષદ કાર્યાલયમાં અથવા હોદ્દેદારોને યોગ્ય લાગશે તે સ્થળે કે સ્થળોએ રાખવામાં આવશે.

સૂચિત : ૩૪ હિસાબના ચોપડા, કમ્પ્યૂટર ડેટા પરિષદના કાર્યાલયમાં રાખવામાં આવશે.

૩૫. મધ્યસ્થ સમિતિ દર વર્ષે એક વખત સાધારણ સામાન્ય સભામાં પરિષદનો વાર્ષિક અહેવાલ રજૂ કરશે. એ અહેવાલમાં પરિષદની આર્થિક સ્થિતિની તથા વર્ષ દરમિયાન થયેલાં કામકાજની વિગતો રજૂ કરવામાં આવશે.

નોંધ : મધ્યસ્થ સમિતિ નવી અંગભૂત સંસ્થાનો કે આર્થિક જવાબદારી વધારતી

જગાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરશે, એ પછી કાર્યવાહક સમિતિ એનો અમલ કરશે.

સૂચિત : નોંધ ક. મધ્યસ્થ સમિતિ નવી અંગભૂત સંસ્થાનો કે આર્થિક જવાબદારી વધારતી જગાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરશે, એ પછી કાર્યવાહક સમિતિ એનો અમલ કરશે.

ખ. ચોક્કસ હેતુઓ માટે મળેલા દાનની રકમનો, તેમ જ તે પરના વ્યાજનો ઉપયોગ દાનના ઉદ્દેશોને અધીન રહીને જે તે હેતુ માટે જ કરી શકાશે.

૩૬. પરિષદના સભ્યોને હિસાબના બધા ચોપડા તથા અન્ય ખતપત્રો મધ્યસ્થ સમિતિ વખતોવખત સમય અને સ્થળ પરત્વે યોગ્ય શરતો દર્શાવે તેને અધીન રહીને, જોવા મળી શકશે.

સૂચિત : ૩૬ પરિષદના સભ્યોને ઑડિટેડ હિસાબની માહિતી તથા અન્ય માહિતી કાર્યવાહક સમિતિએ ઠરાવેલા નિયમોને અધીન રહીને જોવા મળી શકશે.

૩૭. પરિષદે સામાન્ય સભામાં નીમેલા એક કે વધારે હિસાબ તપાસનાર (ઑડિટર)ને હાથે પરિષદનો હિસાબ દર વર્ષે ઓછામાં ઓછો એક વખત તપાસવામાં આવશે અને તેવો હિસાબ ખરો તથા ચોક્કસ હોવા બદલ ખાતરી કરાવીને તેનું પ્રમાણપત્ર મેળવવામાં આવશે અને તે સાધારણ સામાન્ય સભામાં મંજૂરી માટે રજૂ થશે.

સૂચિત : ૩૭ ક. કાર્યવાહક સમિતિ દર વર્ષે ઑડિટરની નિમણૂક કરશે અને ઑડિટર દ્વારા પરિષદના તમામ હિસાબોનું ઑડિટ થશે. ઑડિટરનાં પ્રમાણપત્ર અને હિસાબ અંગેની નોંધ મધ્યસ્થ સમિતિમાં મંજૂરી માટે રજૂ થશે. આ અંગેની કાર્યવાહી સાધારણ સામાન્ય સભામાં રજૂ થશે.

ખ. પરિષદની કાર્યવાહક સમિતિ દર વર્ષે અંદાજપત્ર તૈયાર કરીને માર્ચની આખર સુધીમાં મધ્યસ્થ સમિતિ સમક્ષ રજૂ કરી મંજૂરી મેળવશે. જરૂર પડે પૂરક બજેટ રજૂ કરી તે અંગે પણ મધ્યસ્થ સમિતિની મંજૂરી મેળવશે.

## વિભાગ : ૭ પરિષદની સામાન્ય સભા

૩૮. મધ્યસ્થ સમિતિ ઠરાવે તે સમયે અને સ્થળે દર વર્ષે ઓછામાં ઓછી એક વાર પરિષદની સામાન્ય સભાની બેઠક યોજવામાં આવશે.

સૂચિત : ૩૮ મધ્યસ્થ સમિતિ ઠરાવે તે સમયે અને સ્થળે દર વર્ષે ઓછામાં ઓછી એક વાર પરિષદની સામાન્ય સભાની બેઠક યોજવામાં આવશે. એક વાર્ષિક સામાન્ય સભા પરિષદના કાર્યાલય સ્થળે યોજવામાં આવશે.

૩૯. સામાન્ય સભાની બેઠકનું સ્થળ, તેની તારીખ અને તેનો સમય તથા કામકાજની વિગત દર્શાવનારો પરિપત્ર પરિષદના બધા સભ્યોને ત્રીસ દિવસ અગાઉ પહોંચાડવામાં આવશે.



સૂચિત : ૩૯ સામાન્ય સભાની બેઠકનું સ્થળ, તેની તારીખ અને તેનો સમય તથા કામકાજની વિગતો પરિપત્ર દ્વારા મોકલવામાં આવશે અથવા પરિષદના માસિક ‘પરબ’માં પ્રગટ કરવામાં આવશે. પરિષદના સભ્યોને ત્રીસ દિવસ અગાઉ જાણ થાય તેવું ગોઠવાશે. ‘પરબ’માં પ્રગટ થયેલ પરિપત્ર નિયમસર ગણાશે.

૪૦. આ પરિપત્રમાં દર્શાવાયેલા કામકાજ સંબંધમાં જો કોઈ સભ્યોને કોઈ પ્રશ્ન પૂછવા હોય અથવા ઠરાવો લાવવા હોય તો તેણે તેની લેખિત ખબર સામાન્ય સભાની બેઠકની તારીખથી ઓછામાં ઓછા વીસ દિવસ અગાઉ મંત્રીને આપવી જોઈએ. એ પ્રમાણે ખબર મળતાં મંત્રી સભ્યોને ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ સૂચિત ઠરાવોની જાણ કરશે.

સૂચિત : ૪૦ સામાન્ય સભાના કામકાજ સંબંધમાં જો કોઈ સભ્યને કોઈ પ્રશ્ન પૂછવા હોય અથવા ઠરાવ મૂકવા હોય તો તેણે તેની લેખિત જાણ સામાન્ય સભાની બેઠકની તારીખથી ઓછામાં ઓછા દસ દિવસ અગાઉ વહીવટી મંત્રીને કરવી જોઈશે.

૪૧. સાધારણ સામાન્ય સભાની બેઠકમાં નીચે મુજબનાં કામકાજ થશે.

ક. મધ્યસ્થ સમિતિએ રજૂ કરેલા અહેવાલ તથા હિસાબની વિચારણા.

ખ. સાધારણ સામાન્ય સભામાં આ નિયમાનુસાર થવાં ઘટે તેવાં બીજાં કોઈ પણ કામકાજ.

ગ. મધ્યસ્થ સમિતિના અહેવાલમાંથી ઉપસ્થિત થયેલું જે કાંઈ કામકાજ સાધારણ સામાન્ય સભાને લગતા પરિપત્રમાં જણાવેલું હોય તે.

સૂચિત : ગ સાધારણ સામાન્ય સભાને લગતા પરિપત્રમાં જણાવેલું હોય તે કામકાજ.

૪૨. સામાન્ય સભાની કાર્યસાધક સભ્યસંખ્યા ૨૫ની ગણાશે.

૪૩. કાર્યસાધક સભ્યસંખ્યાના અભાવે સાધારણ સામાન્ય સભા મુલતવી રાખવી પડશે તો એ કામકાજ કરવા માટે અર્ધા કલાક પછી હાજર સભ્યસંખ્યાને જ કાર્યસાધક સભ્યસંખ્યા ગણીને સભાનું કામકાજ કરી લેવામાં આવશે.

૪૪. ઉપર જણાવેલી સભા ‘સાધારણ સામાન્ય સભા’ ગણાશે અને બીજી સામાન્ય સભાઓ ‘અસાધારણ સામાન્ય સભા’ ગણાશે.

૪૫. કાર્યવાહક સમિતિ અથવા મધ્યસ્થ સમિતિ પોતાને યોગ્ય લાગે ત્યારે અથવા પરિષદના ઓછામાં ઓછા પચીસ સભ્યોની સહીથી લેખિત માગણી કરવામાં આવે ત્યારે અસાધારણ સામાન્ય સભાની બેઠક બોલાવાશે.

૪૬. કલમ ૪૬માં દર્શાવેલી માગણીમાં સભા બોલાવવાનો હેતુ સ્પષ્ટ જણાવેલો હોવો જોઈએ અને તે પરિષદના કાર્યાલયમાં નોંધાયેલો હોવો જોઈએ.

સૂચિત : ૪૬. કલમ ૪૫માં દર્શાવેલી માગણીમાં સભા બોલાવવાનો હેતુ સ્પષ્ટ જણાવેલો હોવો જોઈએ અને તે પરિષદના કાર્યાલયમાં નોંધાયેલો હોવો જોઈશે.

૪૭. આવી માગણી નોંધવામાં આવે ત્યાર પછી એક મહિનામાં કાર્યવાહક સમિતિ

અથવા મધ્યસ્થ સમિતિ ત્રણ માસની મુદતની અંદર અસાધારણ સામાન્ય સભા ન બોલાવે તો તેવી માગણી કરનારા સભ્યો પોતે જ માગણી નોંધાવ્યાના ત્રણ માસ વીત્યે એવી સભા બોલાવી શકશે અને તે માન્ય રહેશે.

૪૮. પરિષદના સભ્યોની કોઈ પણ બેઠકમાં લેખિત મત લેવાની માગણી ઓછામાં ઓછા બે સભ્યો તરફથી થાય નહિ તો પ્રમુખ તરફથી કોઈ પણ ઠરાવ પસાર થયેલો ગણાશે અને પરિષદના કામકાજની અહેવાલની નોંધપોથીમાં તેવી મતલબની નોંધ લેવાય તેને ઠરાવની પૂરતી સાબિતી ગણવામાં આવશે અને એ ઠરાવને પક્ષે કે વિરુદ્ધ કેટલા મત પડ્યા હતા તેના પુરાવાની જરૂર રહેશે નહિ.

**વિભાગ : ૮ સંમેલન અને જ્ઞાનસત્ર**

૪૯. પરિષદનું સંમેલન દર બે વર્ષે ભરાશે અને પરિષદનું જ્ઞાનસત્ર પણ દર બે વર્ષે ભરાશે. એક વર્ષે સંમેલન અને એક વર્ષે જ્ઞાનસત્ર યોજાય એ રીતે તેનું આયોજન કરવામાં આવશે.

૫૦. સંમેલન ભરવાના એક વર્ષ અગાઉ સંમેલન ભરવાના સ્થાને સ્વાગત સમિતિની રચના થાય અને બીજો જરૂરી પ્રબંધ થાય તેવી વ્યવસ્થા મધ્યસ્થ સમિતિ કરશે ને તે માટે જરૂરી નિયમો પણ તે ઘડી શકશે.

સૂચિત : ૫૦ સંમેલન ભરવાના સ્થાને સ્વાગત સમિતિની રચના થાય અને બીજો જરૂરી પ્રબંધ થાય તેની વ્યવસ્થા કાર્યવાહક સમિતિ કરશે ને તે માટે જરૂરી નિયમો પણ તે ઘડી શકશે.

૫૧. મધ્યસ્થ સમિતિએ નિયત કરેલા વિષય-વિભાગો પૈકી કયા વિભાગો સંમેલન માટે રાખવા તેનો નિર્ણય પોતાની અનુકૂળતા પ્રમાણે સ્વાગત સમિતિ કરી શકશે અને મધ્યસ્થ સમિતિને સંમેલનના ચાર માસ અગાઉ તે સંબંધની જાણ કરશે.

સૂચિત : ૫૧ જ્ઞાનસત્ર કે સંમેલન માટે કયા વિષય-વિભાગો રાખવા તેનો નિર્ણય મધ્યસ્થ સમિતિ કરશે. જ્ઞાનસત્ર કે સંમેલનની એક બેઠકનો વિષય સ્વાગત સમિતિ નક્કી કરશે અને તેની જાણ કાર્યક્રમ પહેલાં ત્રણ માસ અગાઉ પરિષદને લેખિત રૂપમાં કરશે.

૫૨. જ્ઞાનસત્ર યોજવાની સઘળી જવાબદારી મધ્યસ્થ સમિતિની રહેશે. જ્ઞાનસત્ર માટે સ્વાગત સમિતિની રચના કરવી આવશ્યક લેખાશે નહીં.

સૂચિત : ૫૨ આ કલમ રદ કરવી.

૫૩. સંમેલનના તમામ ખર્ચની તેમજ સંમેલનના અહેવાલની પ્રસિદ્ધિના ખર્ચની કુલ જવાબદારી સંમેલનની સ્વાગત સમિતિની રહેશે.

સૂચિત : ૫૩ જ્ઞાનસત્ર અને સંમેલનના તમામ ખર્ચની તેમ જ જ્ઞાનસત્ર અને સંમેલનના અહેવાલની પ્રસિદ્ધિના ખર્ચની કુલ જવાબદારી જ્ઞાનસત્ર અને સંમેલનની સ્વાગત સમિતિની રહેશે.

**વિભાગ : ૯ સંમેલનના પ્રમુખ તથા વિભાગીય પ્રમુખો**

૫૪. સંમેલનના પ્રમુખપદ માટે એવી દરેક સભ્ય સંસ્થા એક નામ સૂચવી શકશે જે સંસ્થાના પંદર સભ્યો પરિષદના આજીવન સભ્યો હોય. કોઈ પણ દશ આજીવન સભ્યોને સંયુક્ત રીતે પોતાની પસંદગીનું એક નામ સૂચવવાનો અધિકાર રહેશે.

સૂચિત : ૫૪ સંમેલનના પ્રમુખપદ માટે પરિષદના દસ આજીવન સભ્યો સંયુક્ત રીતે પોતાની પસંદગીનું એક નામ સૂચવી શકશે.

૫૫. સંમેલન ભરવાના છ માસ અગાઉ પરિષદનું કાર્યાલય પરિષદના તમામ પ્રકારના સભ્યોને પરિપત્ર મોકલીને અથવા 'પરબ'માં એ પરિપત્ર છાપીને આ પદ્ધતિએ પ્રમુખનું નામ સૂચવવાની માગણી કરશે.

સૂચિત : ૫૫ સંમેલન ભરવાના ઓછામાં ઓછા પાંચ માસ અગાઉ ચૂંટણી અધિકારી પરિષદ કાર્યાલય દ્વારા પરિષદના તમામ પ્રકારના સભ્યોને પરિપત્ર મોકલીને અથવા 'પરબ'માં એ પરિપત્ર છાપીને પ્રમુખનું નામ સૂચવવાનું જણાવશે.

૫૬. આ પદ્ધતિએ સૂચવાયેલાં નામોવાળી વ્યક્તિઓને, પ્રમુખની ચૂંટણી માટેના મતપત્રકમાં તેમનું નામ સામેલ રાખવા બાબતની સંમતિ કાર્યાલય પુછાવશે અને જેમની સંમતિ આવી હશે તેમનું જ નામ મતપત્રકમાં સામેલ રખાશે.

સૂચિત : ૫૬ આ પદ્ધતિએ સૂચવાયેલાં નામોવાળી વ્યક્તિઓને, પ્રમુખની ચૂંટણી માટેના મતપત્રકમાં તેમનું નામ સામેલ રાખવા બાબતની સંમતિ ચૂંટણી અધિકારી પુછાવશે અને જેમની સંમતિ આવી હશે તેમનું જ નામ મતપત્રકમાં સામેલ રખાશે.

૫૭. સંમેલનની તારીખના ઓછામાં ઓછા ત્રણ માસ પહેલાં પ્રમુખની ચૂંટણી થઈ જાય એ રીતે કાર્યવાહક સમિતિ આખો કાર્યક્રમ ગોઠવશે.

સૂચિત : ૫૭ સંમેલનની તારીખના ઓછામાં ઓછા ત્રણ માસ પહેલાં પ્રમુખની ચૂંટણી થઈ જાય એ રીતે ચૂંટણી સમિતિ આખો કાર્યક્રમ ગોઠવશે.

૫૮. કલમ ૫૪, ૫૫, ૫૬ પ્રમાણે મળેલાં પ્રમુખપદ માટેનાં નામોને વર્ણાનુક્રમે ગોઠવીને ચૂંટણી અધિકારી મતપત્રક તૈયાર કરશે અને સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા સામાન્ય સભ્ય, આજીવન સભ્ય, આજીવન સંસ્થાસભ્ય, દાતા સભ્ય તથા સંવર્ધક સભ્યને ટપાલથી મતપત્રક મોકલી આપશે.

સૂચિત : ૫૮ કલમ ૫૪, ૫૫ અને ૫૬ પ્રમાણે મળેલાં પ્રમુખપદ માટેનાં નામોને વર્ણાનુક્રમે ગોઠવીને ચૂંટણી કાર્યાલય મતપત્રક તૈયાર કરશે અને સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા દરેક સામાન્ય સભ્ય, આજીવન સભ્ય, દાતા તથા સંવર્ધક સભ્યને ટપાલથી યા કુરિયરથી મતપત્રક મોકલી આપશે.

૫૯. પ્રમુખની ચૂંટણીમાં મત આપવા સંબંધમાં કઈ પદ્ધતિને અનુસરવું તેનો નિર્ણય

મધ્યસ્થ સમિતિ કરશે.

૬૦. સંમેલનના વિભાગો, વિભાગીય અધ્યક્ષો અને વક્તાઓ મધ્યસ્થ સમિતિ નક્કી કરશે. જ્ઞાનસત્રના વિષયો અને વક્તાઓ પણ મધ્યસ્થ સમિતિ ક્રમાનુસાર નક્કી કરશે. સાધારણ રીતે સંમેલનના વિભાગીય અધ્યક્ષો જ્ઞાનસત્રની બેઠકોના વિભાગીય અધ્યક્ષ રહેશે. પરંતુ મધ્યસ્થ સમિતિ અનિવાર્ય સંજોગોમાં વિભાગીય અધ્યક્ષ તરીકે અન્ય વિદ્વાનની પસંદગી કરી શકશે.

સૂચિત : ૬૦ સંમેલનના વિભાગો, વિભાગીય અધ્યક્ષો અને વક્તાઓ મધ્યસ્થ સમિતિ નક્કી કરશે. જ્ઞાનસત્રના વિષયો અને વક્તાઓ પણ મધ્યસ્થ સમિતિ નક્કી કરશે. સાધારણ રીતે સંમેલનના વિભાગીય અધ્યક્ષ જ્ઞાનસત્રની બેઠકોના વિભાગીય અધ્યક્ષ રહેશે; પરંતુ મધ્યસ્થ સમિતિ અનિવાર્ય સંજોગોમાં વિભાગીય અધ્યક્ષ તરીકે અન્ય વિદ્વાનની પસંદગી કરી શકશે.

૬૧. સંમેલનની તારીખથી ઓછામાં ઓછા બે માસ અગાઉ વિભાગીય પ્રમુખપદ માટેની છેવટની પસંદગી થઈ જાય એ રીતે મધ્યસ્થ સમિતિ આ સંબંધમાં જરૂરી પ્રબંધ કરશે.

સૂચિત : ૬૧ સંમેલન અને જ્ઞાનસત્રની તારીખથી ઓછામાં ઓછા બે માસ અગાઉ વિભાગીય અધ્યક્ષ માટેની છેવટની પસંદગી થઈ જાય એ રીતે મધ્યસ્થ સમિતિ આ સંબંધમાં જરૂરી પ્રબંધ કરશે.

## વિભાગ : ૧૦ બંધારણમાં ફેરફાર

૬૨. બંધારણમાં ફેરફાર કરવા માટે ખાસ બોલાવાયેલી પરિષદની અસાધારણ સામાન્ય સભાની બેઠકમાં જ બંધારણમાં સુધારા કરવા માટેનો ઠરાવ કે ઠરાવો રજૂ કરી શકાશે.

૬૩. આવો ઠરાવ પસાર કરવા માટે હાજર રહેલા અને મત આપી શકનારા સામાન્ય સભ્યોની ૨/૩ વધુમતી આવશ્યક ગણાશે.

૬૪. પરિષદના નોંધાયેલા કોઈ પણ ૨૫ સામાન્ય સભ્યો સંયુક્ત રીતે લેખિત રૂપમાં બંધારણમાં સુધારા સૂચવી શકશે.

૬૫. આવા સુધારા સૂચવાયા પછી બે માસની મુદતમાં પરિષદના વહીવટીમંત્રી મધ્યસ્થ સમિતિની બેઠક મેળવી તેમાં એ સુધારા રજૂ કરશે. મધ્યસ્થ સમિતિ બંધારણ સુધારવા માટેનાં એ સૂચન ઉપર વિચાર કરી પોતાની બેઠક પછી બે માસ કરતાં વધારે નહીં એટલી મુદતમાં પરિષદની અસાધારણ સામાન્ય સભાની બેઠક બોલાવવાની સૂચના વહીવટીમંત્રીશ્રીને આપશે.

૬૬. આવી અસાધારણ સામાન્ય સભાની બેઠકમાં જે સભ્યો સતત છેલ્લાં ત્રણ વર્ષથી પરિષદના સામાન્ય સભ્યો રહ્યા હોય તેમ જ વિવિધ પ્રકારના આજીવન સભ્યો હોય તેમને જ મત આપવાનો અધિકાર રહેશે.



૬૭. અસાધારણ સામાન્ય સભાની બેઠકનું સ્થળ, તેની તારીખ અને સમય તેમજ કામકાજની વિગતો દર્શાવનારો પરિપત્ર પરિષદના ઉપર સૂચવ્યા બધા સભ્યોને પંદર દિવસ અગાઉ પહોંચાડવામાં આવશે.
નોંધ : સભ્યોનાં નોંધાયેલાં સરનામે ટપાલ મારફતે કે પરિષદના માસિક 'પરબ' મારફતે સભ્યોને મોકલવામાં આવેલો પરિપત્ર નિયમસર ગણાશે.

સૂચિત (ઉમેરણ) ૬૮. બંધારણમાં ફેરફાર કરવા માટે બોલાવેલી અસાધારણ સામાન્ય સભાની કાર્યસાધક સંખ્યા ૧૦૦ની ગણાશે. કાર્યસાધક સંખ્યાને અભાવે અસાધારણ સભા મુલતવી રહેશે તો એ કામકાજ કરવા માટે અર્ધા કલાક પછી હાજર સંખ્યાને જ કાર્યસાધક સંખ્યા ગણીને સભાનું કામકાજ કરવામાં આવશે.

## પરિશિષ્ટ

## ગુજરાતી સાહિત્ય પરિષદ : ચૂંટણીના નિયમો

૧. કાર્યવાહક સમિતિ ચૂંટણી સમિતિની રચના કરશે.

સૂચિત : ૧ પરિષદની કાર્યવાહક સમિતિ ચૂંટણી અધિકારીની નિમણૂક કરશે. ચૂંટણી અધિકારી ચૂંટણીનું સમગ્રતયા સંચાલન કરશે.

૨. પ્રમુખની ચૂંટણી માટે નિયત પદ્ધતિએ સૂચવાયેલાં નામોવાળી વ્યક્તિઓની, તેમનું પોતાનું નામ મતપત્રકમાં સામેલ રાખવાની સંમતિ ચૂંટણી સમિતિ પુછાવશે. અને જેમની લેખિત સંમતિ ચૂંટણી સમિતિએ સૂચવેલી નિયત સમયમર્યાદામાં આવી હશે એમનું જ નામ મતપત્રકમાં સામેલ રખાશે.

સૂચિત : ૨ પ્રમુખની ચૂંટણી માટે નિયત પદ્ધતિએ સૂચવાયેલાં નામોવાળી વ્યક્તિઓની, તેમનું પોતાનું નામ મતપત્રકમાં સામેલ રાખવાની સંમતિ ચૂંટણી અધિકારી પુછાવશે. અને જેમની લેખિત સંમતિ ચૂંટણી અધિકારીએ સૂચવેલી નિયત સમયમર્યાદામાં આવી હશે એમનું જ નામ મતપત્રકમાં સામેલ રખાશે.

૩. પરિષદના પ્રમુખ સિવાયની પરિષદની કોઈ પણ ચૂંટણી વેળાએ ઉમેદવારની દરખાસ્ત કરનાર અને ટેકો આપનાર બંને સભ્યો સતત ત્રણ વર્ષ સુધી પરિષદના સભ્ય રહ્યા હોય તે જરૂરી છે.

૪. કાઉન્ટર ફોઈલવાળું અને ચૂંટણી અધિકારીની સહીવાળું મતપત્રક અન્ડર પોસ્ટલ સર્ટિફિકેટથી મતાધિકાર ધરાવતા સભ્યોને મોકલાશે.

સૂચિત : ૪ કાઉન્ટર ફોઈલવાળું અને ચૂંટણી અધિકારીની સહીવાળું મતપત્રક અન્ડર પોસ્ટલ સર્ટિફિકેટથી અથવા કુરિયરથી મતાધિકાર ધરાવતા સભ્યોને મોકલાશે.

૫. મતપત્રકોમાં ઉમેદવારનાં નામ વર્ણાનુક્રમે ગોઠવેલાં રહેશે.

૬. ચૂંટણીઅધિકારીની સહીવાળું, કાઉન્ટર ફોઈલવાળું અને વર્ણાનુક્રમે તૈયાર થયેલું મતપત્રક છાપેલાં નંબરવાળાં કુલ ત્રણ પરબીડિયાં સાથે મોકલવામાં આવશે.

૭. આ પરબીડિયાં નીચે મુજબનાં રહેશે :

૧. પરબીડિયા નંબર-૧ ઉપર 'ખાનગી/મતદાન/ અને પરિષદનું સરનામું છપાયેલું હશે.

૨. બે નંબરનું પરબીડિયું કાઉન્ટર ફૉઈલનો નંબર તથા મતદારની સહી અને સરનામાની જગ્યા ધરાવતું હશે.

૩. ત્રણ નંબરનું પરબીડિયું મતપત્રક મૂકવા માટેનું સાદું પરબીડિયું હશે, જેની ઉપર 'ખાનગી/મતદાન/ અને ક્રમાંક ૩ સિવાય બીજું કશું જ લખેલું કે છાપેલું નહીં હોય.

૮. ત્રણ નંબરનું પરબીડિયું મતપત્રક મૂકવા માટેનું સાદું પરબીડિયું છે. મતદાન કર્યા પછી મતદાર એમાં મતપત્રક મૂકશે અને આ ત્રણ નંબરના પરબીડિયાને બે નંબરના પરબીડિયામાં મૂકશે. મતદાર આ બે નંબરના પરબીડિયા ઉપર પોતાની સહી કરશે અને પોતાનું સરનામું લખશે. સહી અને સરનામું એ બંને બાબતો આ બે નંબરના પરબીડિયા ઉપર આવશ્યક છે અન્યથા મતપત્રક રદ થશે. આ પછી બે નંબરના પરબીડિયાને એક નંબરના પરબીડિયામાં મૂકી જરૂરી ટપાલ-ટિકિટ લગાવી, ઉપર કશુંય લખ્યા વિના જ ટપાલમાં રવાના કરવાનું રહેશે. ટપાલ સિવાય રૂબરૂ કે અન્ય રીતે આવેલું તેમજ ઉપર કશુંક લખેલું હોય એવા પરબીડિયામાંનું મતપત્રક રદ ગણાશે.

સૂચિત : ૮ ત્રણ નંબરનું પરબીડિયું મતપત્રક મૂકવા માટેનું સાદું પરબીડિયું છે. મતદાન કર્યા પછી મતદાર એમાં મતપત્રક મૂકશે અને આ ત્રણ નંબરના પરબીડિયાને બે નંબરના પરબીડિયામાં મૂકશે. મતદાર આ બે નંબરના પરબીડિયા ઉપર પોતાની સહી કરશે અને પોતાનું સરનામું લખશે. સહી અને સરનામું એ બંને બાબતો આ બે નંબરના પરબીડિયા ઉપર આવશ્યક છે, અન્યથા મતપત્રક રદ થશે. આ પછી બે નંબરના પરબીડિયાને એક નંબરના પરબીડિયામાં મૂકી જરૂરી ટપાલટિકિટ લગાવી, ઉપર કશુંય લખ્યા વિના જ ટપાલમાં અથવા કુરિયરથી રવાના કરવાનું રહેશે. ટપાલ અથવા કુરિયર સિવાય રૂબરૂ કે અન્ય રીતે આવેલું તેમ જ ઉપર કશુંક લખેલું હોય એવા પરબીડિયામાંનું મતપત્રક રદ ગણાશે.

૯. ટપાલ મારફતે જે તે દિવસે આવેલાં મતપત્રકોને ચૂંટણીઅધિકારી ઑફિસ સમય પૂરો થાય ત્યાં સુધીમાં ગણતરી અને નોંધ કરી લાખથી સીલ કરીને રાખશે.

સૂચિત : ૯ ટપાલ અથવા કુરિયર મારફતે જે તે દિવસે આવેલાં મતપત્રકોને ચૂંટણીઅધિકારી ઑફિસસમય પૂરો થાય ત્યાં સુધીમાં ગણતરી અને નોંધ કરી લાખથી સીલ કરીને રાખશે.

૧૦. મતદારને ત્રણ પરબીડિયાં સહિત મતપત્રક અન્ડર પોસ્ટલ સર્ટિફિકેટથી મોકલવામાં આવ્યા પછી, સમજી શકાય તેવા કોઈ કારણસર મતપત્રક ગેરવલ્લે જાય તો તે મતદારની લેખિત માગણી આવ્યેથી યોગ્ય ચકાસણી બાદ ડુપ્લિકેટ મતપત્રક મોકલવામાં આવશે. મતપત્રક મોકલવાને પૂરતું કારણ છે કે નહીં તેનો નિર્ણય કરવાની સત્તા ચૂંટણી સમિતિને રહેશે. આ પ્રક્રિયામાં સમયબાધ નડે તો તે માટે પરિષદ કે ચૂંટણી સમિતિ જવાબદાર રહેશે નહીં.

સૂચિત : ૧૦ મતદારને ત્રણ પરબીડિયાં સહિત મતપત્રક અન્ડર પોસ્ટલ સર્ટિફિકેટથી કે કુરિયરથી મોકલવામાં આવ્યા પછી, સમજી શકાય તેવા કોઈ કારણસર મતપત્રક ગેરવલ્લે જાય તો તે મતદારની લેખિત માગણી આવ્યેથી યોગ્ય ચકાસણી બાદ ડુપ્લિકેટ મતપત્રક મોકલવામાં આવશે. મતપત્રક મોકલવાને પૂરતું કારણ છે કે નહિ તેનો નિર્ણય કરવાની સત્તા ચૂંટણી અધિકારીને રહેશે. આ પ્રક્રિયામાં સમયબાધ નડે તો તે માટે પરિષદ કે ચૂંટણી અધિકારી જવાબદાર રહેશે નહિ.

## મતગણતરીના નિયમો

૧. મતગણતરી વખતે ઉમેદવાર કે એના અધિકૃત પત્ર સાથેની વ્યક્તિ હાજર રહી શકશે.

૨. મતગણતરી શરૂ થાય તે પહેલાં ટપાલમાં કે કુરિયરથી આવેલા એક નંબરના પરબીડિયામાંથી મતદારની સહી અને સરનામાવાળું બે નંબરનું પરબીડિયું જુદું પાડવામાં આવશે.

૩. બે નંબરના પરબીડિયા ઉપરની મતદારની સહીની પ્રમાણભૂતતાને ચૂંટણી અધિકારીને જ્યાં જરૂર જણાશે ત્યાં ચકાસવામાં આવશે તેમ જ પરબીડિયા ઉપરના નંબરને કાઉન્ટર ફૉઈલ ઉપરના નંબર સાથે ચકાસવામાં આવશે.

૪. આ પછી બે નંબરના પરબીડિયાને તોડીને એમાંથી મતપત્રક મૂકેલું ત્રણ નંબરવાળું સાદું પરબીડિયું જુદું પાડવામાં આવશે.

૫. ત્રણ નંબરનું પરબીડિયું ખોલવામાં આવશે અને મતપત્રક ઉપર ચૂંટણી અંગેના નિયમોમાં દર્શાવ્યા પ્રમાણે ચૂંટણી અધિકારીની સહી છે કે કેમ એ ચકાસવામાં આવશે. સહી વગરનું મતપત્રક રદ ગણાશે.

૬. પરબીડિયા નંબર ત્રણને બદલે પરબીડિયા નંબર એક કે બે અથવા અન્ય કોઈ પરબીડિયામાંથી મળી આવેલું મતપત્રક રદ થશે. તેમ જ એક પરબીડિયામાંથી એકથી વધુ મતપત્રકો નીકળશે તો તે બધાં મતપત્રકો રદ થશે.

૭. જે પરબીડિયા ઉપર મતદારની સહી અને સરનામું લખવાની સૂચના આપેલી છે તેના ઉપરની સહી સુવાચ્ય ન હોય અને તેની મેળવણી શક્ય ન હોય તો આવા પરબીડિયાની અંદરનું મતપત્રક રદ ગણાશે.

૮. જે મતપત્રકમાં સૂચિત સંખ્યાથી વધુ કે ઓછી ચોકડી કરેલી હશે તે મતપત્રક રદ ગણાશે.

૯. જો કોઈ પણ બે ઉમેદવારને સરખા મત મળશે તો તેમના નામની ચિઠ્ઠી ઉપાડીને

જે ઉમેદવારનું નામ આવશે તેમને ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે. હારજીતનો પ્રશ્ન ન હોય ત્યાં સરખા મતવાળા ઉમેદવારોનાં નામ વર્ણાનુક્રમે ગોઠવી શકાશે.

સૂચિત : ૯ જો કોઈ પણ બે ઉમેદવારને સરખા મત મળશે તો ચૂંટણી અધિકારી તેમના નામની ચિઠ્ઠી ઉપાડીને જે ઉમેદવારનું નામ આવશે તેમને ચૂંટાયેલા જાહેર કરશે. હારજીતનો પ્રશ્ન ન હોય ત્યાં સરખા મતવાળા ઉમેદવારોનાં નામ વર્ણાનુક્રમે ગોઠવી શકાશે.

૧૦. મતગણતરી દરમિયાન હાજર ઉમેદવાર કે ઉમેદવારના અધિકૃત પત્ર ધરાવતા પ્રતિનિધિ ગણતરી પૂરી થયા પછીની દસ મિનિટ સુધીમાં જરૂર જણાય તો ફેરમતગણતરી માટે લેખિત વિનંતી કરી શકશે. ચૂંટણી અધિકારીને યોગ્ય લાગશે તો જ ફેરમતગણતરી આપવામાં આવશે.

  ૧. ફેરમતગણતરીની લેખિત વિનંતી મતગણતરી પૂરી થાય કે તરત મતગણતરીના સ્થળ પર જ થાય તે આવશ્યક છે.

  ૨. મતગણતરી પૂરી થયા પછી મતગણતરીના સ્થળ પર જ ફેરમત-ગણતરીની લેખિત વિનંતી નહીં થઈ હોય તો પાછળથી તે અંગે કોઈ પણ રજૂઆત ધ્યાન પર લેવાશે નહીં.

સૂચિત : ૧૦ પેટા કલમ ૧ રદ કરવી, બાકીનું યથાવત્.

૧૧. પરિણામ જાહેર થવાના દિવસ સહિત સાત દિવસ સુધી ચૂંટણી અધિકારી પાસે મતપત્રકો સીલબંધ પૅકેટમાં જાળવવામાં આવશે અને સાતમા દિવસના કાર્યાલય-સમય બાદ તુરત તેનો નાશ કરવામાં આવશે.

સૂચિત : ૧૧ પરિણામ જાહેર થવાના દિવસ સહિત પંદર દિવસ સુધી ચૂંટણી અધિકારી પાસે મતપત્રકો સીલબંધ પૅકેટમાં જાળવવામાં આવશે. ત્યારબાદ શક્ય તેટલી વહેલી તકે આ મતપત્રકોનો નાશ કરવામાં આવશે.

r



Parab Online
June 2009
Page: 20



# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

## વાચકમંચનો બાળસાહિત્ય-લેખન શિબિર

અ.હિ.મ.પ. બૃહદ સુરત શાખાના વાચકમંચ તથા ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે, શ્રદ્ધાબહેન ત્રિવેદી, રવીન્દ્રભાઈ પારેખ તથા જનકભાઈ નાયકની ઉપસ્થિતિમાં બાળસાહિત્ય-લેખન શિબિર તા. ૭-૨-૨૦૦૯ના રોજ યોજાયો હતો જેમાં ૫૦ બહેનોએ ભાગ લીધો હતો.

આરંભમાં સ્મિતા પારેખે આખા પરિકલ્પની રૂપરેખા આપી હતી તથા વક્તાઓનો પરિચય આપ્યો હતો. શ્રી જનકભાઈ નાયકે બાળવાર્તા-સર્જન- પ્રક્રિયામાં ધ્યાનમાં રાખવા જેવાં પરિબળોનો સુંદર આલેખ આપ્યો હતો. તો શ્રદ્ધાબહેને બાળનાટક-સર્જનપ્રક્રિયા પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી રવીન્દ્ર પારેખે બાળસાહિત્ય સામેના પડકારો વિશે ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સહજ સંચાલન સ્મિતા પારેખે કર્યું હતું તથા સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રીમતી અનંતાબહેન પરીખે આભારવિધિ કરી હતી.

ત્યારબાદ બાળસાહિત્ય-લેખનપ્રક્રિયાની કાર્યશાળા દર અઠવાડિયે યોજાઈ હતી, જેમાં સુરતની લેખિકા બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રવીન્દ્ર પારેખ તથા જનકભાઈ નાયકે માર્ગદર્શન આપ્યું હતું તેમજ જરૂરી સુધારાવધારા સૂચવ્યા હતા અને ફરી ફરી કૃતિઓ મઠારાઈ હતી.

આ લેખન પ્રક્રિયાની કાર્યશાળાના ફળ સ્વરૂપે ૧૬ બાળસાહિત્યિક કૃતિઓ પ્રાપ્ત થઈ, જેમાં ૬ બાળવાર્તા, ૬ બાળકાવ્ય, ૩ બાળનાટક તથા એક બાળલેખનો સમાવેશ થાય છે.

સુરતની લેખિકાઓ ડૉ. રીતાબહેન ત્રિવેદી, યામિની વ્યાસ, સ્મિતા પારેખ, પ્રજ્ઞા વશી, ભાવના વકીલના, ડૉ. સુષમા ઐયર, અલ્પના માસ્તર, તથા અરુણા અગ્રવાલે ઉપરોક્ત બાળસાહિત્ય-કૃતિઓનું સર્જન કર્યું. આ કૃતિઓ ગુ.સા. પરિષદ અંતર્ગત ''એનીબહેન સરૈયા ફાઉન્ડેશન'' દ્વારા પ્રકાશિત થનારા બાળસાહિત્ય-સંચય માટે મોકલવામાં આવી છે.

S

## સાહિત્ય પરિષદના આગામી પ્રમુખની ચૂંટણી

(વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે)

| | | |
|---|---|---|
| પ્રમુખપદ માટેની દરખાસ્ત મોકલવાની છેલ્લી તારીખ | : | ૨૦-૭-૨૦૦૯ |
| મતપત્રમાં નામ મૂકવાની ઉમેદવારોની સંમતિ મંગાવવાની તારીખ | : | ૨૩-૭-૨૦૦૯ |
| મતપત્રમાં નામ મૂકવાની ઉમેદવારે સંમતિ આપવાની છેલ્લી તારીખ | : | ૩૦-૭-૨૦૦૯ |
| ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ | : | ૮-૮-૨૦૦૯ |
| મતપત્રો રવાના કરવાની તારીખ | : | ૧૭-૮-૨૦૦૯ |

| | |
|---|---|
| મતપત્રો પરિષદ કાર્યાલયે પહોંચાડવાની છેલ્લી તારીખ | : ૧૭-૯-૨૦૦૯ |
| મતગણતરી અને પરિણામની જાહેરાતની તારીખ | : ૨૫-૯-૨૦૦૯ |

નોંધ : ૧. પરિષદના બંધારણના વિભાગ-૯, કલમ ૫૪થી ૫૯ અન્વયે ચૂંટણી જાહેર કરવામાં આવે છે. પ્રમુખપદ માટે પરિષદની દરેક સભ્યસંસ્થા (જેના ઓછામાં ઓછા પંદર સભ્યો પરિષદનું આજીવન સભ્યપદ ધરાવતા હોય)ને પોતાની પસંદગીનું એક નામ સૂચવવાનો અધિકાર રહેશે. તેમજ પરિષદના કોઈ પણ દસ આજીવન સભ્યોને પ્રમુખપદ માટે સંયુક્ત રીતે પોતાની પસંદગી સૂચવવાનો અધિકાર રહેશે.

૨. પ્રમુખપદ માટે નામ સૂચવાય તેમાં લેખિત રૂપમાં સરનામા સહિતનું નામ પરિષદ ચૂંટણી કાર્યાલયમાં પહોંચાડવાનું રહેશે.

૩. જો પ્રમુખપદ માટે એકથી વધારે નામ છેલ્લે રહેશે તો ઉપર મુજબનો ચૂંટણી કાર્યક્રમ રહેશે.

**કનુભાઈ શાહ**

ચૂંટણી અધિકારી, ગુજરાતી સાહિત્ય પરિષદ

## જાન્યુઆરી-૨૦૧૦થી ડિસેમ્બર-૨૦૧૩ માટે અમલમાં આવનાર ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ અને કાર્યવાહક સમિતિની ચૂંટણીનો કાર્યક્રમ

### મધ્યસ્થ સમિતિ

| | |
|---|---|
| મધ્યસ્થ સમિતિ માટે ઉમેદવારીપત્ર મેળવવાનો પ્રારંભ | : ૨૦-૬-૨૦૦૯ |
| મધ્યસ્થ સમિતિ માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ | : ૨૦-૭-૨૦૦૯ |
| ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ | : ૨૭-૭-૨૦૦૯ |
| મતપત્ર રવાના કરવાની તારીખ | : ૧૭-૮-૨૦૦૯ |
| મતપત્ર પરિષદ કાર્યાલયે પહોંચાડવાની છેલ્લી તારીખ | : ૧૭-૯-૨૦૦૯ |
| મતગણતરી અને પરિણામની તારીખ | : ૨૧-૯-૨૦૦૯ |

### કાર્યવાહક સમિતિ

| | |
|---|---|
| કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારીપત્ર મેળવવાનો પ્રારંભ | : ૨૫-૯-૨૦૦૯ |
| કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ | : ૮-૧૦-૨૦૦૯ |
| ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ | : ૧૫-૧૦-૨૦૦૯ |
| મતપત્ર રવાના કરવાની તારીખ | : ૧૯-૧૦-૨૦૦૯ |
| મતપત્ર પરિષદ કાર્યાલયે પહોંચાડવાની છેલ્લી તારીખ | : ૫-૧૧-૨૦૦૯ |
| મતગણતરી અને પરિણામ જાહેરાત તારીખ | : ૧૦-૧૧-૨૦૦૯ |

નોંધ : ૧. ચૂંટણી પ્રક્રિયા બંધારણની કલમ ૬થી ૧૦ અને પરિશિષ્ટમાં દર્શાવેલ નિયમો મુજબ કરવામાં આવશે.

૨. ચૂંટણીનું ઉમેદવારીપત્ર ટપાલથી મેળવવા માટે પાંચ રૂપિયાની ટપાલ-ટિકિટ લગાડેલું અને પોતાનાં નામસરનામાવાળું જવાબી કવર મોકલવું આવશ્યક છે.

**કનુભાઈ શાહ**

ચૂંટણી અધિકારી, ગુજરાતી સાહિત્ય પરિષદ



ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે મહેન્દ્રભાઈ રિખવચંદ શાહ પ્રેરિત 'શારદા સાહિત્યગોષ્ઠિ' શ્રેણીમાં મુંબઈ ખાતે મણિબહેન નાણાવટી વીમેન્સ કૉલેજ, વિલેપાર્લે (પશ્ચિમ) ખાતે કૉલેજના ગુજરાતી સાહિત્ય વિભાગ સાથે સંયુક્ત રીતે શનિવાર, તા. ૧૮-૪-૨૦૦૯ના દિને સાંજે ૫.૦૦ કલાકે સુપ્રસિદ્ધ ગઝલકાર શ્રી જવાહર બક્ષીનું ગઝલની સમજ વિશે એક પ્રવચનનું આયોજન કરાયું હતું. શ્રી મહેન્દ્રભાઈના સુપુત્ર શ્રી કિશોર શાહે પોતાની માતાની સ્મૃતિમાં રૂ. ૧,૦૦,૦૦૦ (એક લાખ)નું અનુદાન પરિષદને આપ્યું છે. તેમાંથી નવોદિત અને નીવડેલા કવિ-ગઝલકારોનાં પ્રવચનો-ગઝલોનાં પઠનો ઇત્યાદિ કાર્યક્રમો આયોજાય છે. અત્યાર સુધી ૧૩ કાર્યક્રમો થયા છે અને જવાહર બક્ષીના પ્રવચનનો કાર્યક્રમ ચૌદમો હતો.

આ કાર્યક્રમને માણવા કાવ્યરસિકો, કૉલેજની વિદ્યાર્થિનીઓ, પ્રાચાર્ય શ્રીમતી હર્ષદા રાઠોર અને ગુજરાતીનાં પ્રાધ્યાપિકા તેજલબહેન શાહ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી ઉદયન ઠક્કરે ભૂમિકા બાંધી હતી.

કાર્યક્રમના સંચાલક હતા જાણીતા સાહિત્યકાર અને કવિ-ગઝલકાર પ્રા. બકુલ રાવલ. તેમણે શ્રી મહેન્દ્રભાઈ તથા જવાહર બક્ષીનો પરિચય કરાવ્યો હતો અને શ્રી કિશોર શાહને પોતાનું વક્તવ્ય આપવા નિમંત્ર્યા હતા. આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈ શાહે રૂ. ૧૦,૦૦૦નું અનુદાન આપ્યું હતું.

શ્રી જવાહર બક્ષીએ ગઝલશાસ્ત્ર, ગઝલોની ખૂબી અને ખામીઓ દર્શાવતું મનનીય પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ પુષ્પગુચ્છ અર્પણ કરીને ઉપસ્થિત મહાનુભાવોનો સત્કાર કૉલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા કરાયો હતો.

પ્રા. તેજલ શાહે આભારવિધિ કરી હતી.

(૨) ગુજરાતી સાહિત્ય પરિષદ અને 'સંજીવની' પરિવારના સંયુક્ત ઉપક્રમે તા. ૭-૫-૨૦૦૯ – શ્રી પન્નાલાલ પટેલની ૯૮મી જન્મતિથિની ઉજવણીના ભાગ રૂપે મેઘાણી પ્રાંગણમાં કાર્યક્રમ યોજાઈ ગયો. આરંભમાં શ્રી બંસરીબહેન ભટ્ટ અને શ્રી દલપત પઢિયારે પન્નાલાલનાં કેટલાંક કાવ્યોનું ગાન રજૂ કર્યું હતું. પરિવારનાં શ્રી દષ્ટિબહેન પટેલે કાર્યક્રમની ભૂમિકા આપી અને પછી ત્રણ વક્તાઓ તેમજ વિદ્વાન સંત શ્રી મોરારિબાપુનું પુસ્તકોથી સ્વાગત કરવામાં આવ્યું. શ્રી સુનીતા ચૌધરીએ સમગ્ર સંચાલનનાં સૂત્ર સંભાળ્યાં હતાં. શ્રી લાભશંકર ઠાકરે પોતે અગાઉ વાર્તાકાર પન્નાલાલ વિશે પ્રયોજેલા શબ્દો – master story-teller – ને જાણે ફરીવાર રેખાંકિત કરતા હોય એ રીતે પન્નાલાલની 'લાડુનું જમણ' 'રહેમત સિપાઈ' વગેરે વાર્તાઓનો રસાસ્વાદ કરાવ્યો હતો. શ્રી ભોળાભાઈ પટેલે 'વાત્રકને કાંઠે', 'સાચાં શમણાં' 'બાપુનો કૂતરો' વગેરે વાર્તાઓનું આસ્વાદભર્યું વિશ્લેષણ કર્યું હતું – બન્ને વક્તાઓની પસંદ કરેલી પન્નાલાલની બેત્રણ વાર્તાઓમાંથી નીપજતા હાસ્યમિશ્રિત કરુણનો ભાવ નિષ્પન્ન થયો. શ્રી રમેશ ર. દવેએ પન્નાલાલની વાર્તાઓનાં થયેલાં વિવેચનોનો ટૂંકમાં પણ માર્મિક આલેખ રજૂ કર્યો હતો. તે પછી શ્રી સંજય ચૌધરી લિખિત સ્વાધ્યાયલક્ષી પ્રવાસકથા 'ગિરનાર'નું શ્રી મોરારિબાપુએ વિમોચન કર્યું. સંજયભાઈએ પોતાના પુસ્તકનો ટૂંકમાં પરિચય કરાવ્યો. પૂ. મોરારિબાપુએ તેમના વક્તવ્યમાં સમર્થ સાહિત્યકારનાં, પન્નાલાલ જેવા સમર્થ કથાસાહિત્યકારનાં પણ, અભ્યાસ, સાધના, આનંદ વગેરે લક્ષણો એક વિવેચકની

હેસિયતથી તારવી આપ્યાં હતાં. કથાકારનું આ પણ એક બીજું રૂપ. અંતે શ્રી રાજેન્દ્ર પટેલે આભારદર્શન કર્યું હતું. આરંભમાં પરિષદના મંત્રી શ્રી મનસુખ સલ્લાએ સૌનું સ્વાગત કર્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત રવીન્દ્ર ભવનના ઉપક્રમે રવીન્દ્રનાથ ઠાકુરની જન્મતિથિ નિમિત્તે તા. ૮-૫-૨૦૦૯ના રોજ કાર્યક્રમ યોજાઈ ગયો. કવિશ્રી નિરંજન ભગતે રવીન્દ્રનાથના સંવાદકાવ્ય – નાટ્યકાવ્ય 'સતી'ના પદ્યમાં કરેલા અનુવાદનો વાચિકાભિનય રજૂ કરવામાં આવ્યો. શ્રી ભગતે આરંભમાં રવીન્દ્રનાથનાં પાંચ સંવાદકાવ્યોની ભૂમિકા આપી, લગભગ દરેકમાં રવીન્દ્રનાથે સૂક્ષ્મ રીતે ગૂંથી લીધેલા 'હૃદયધર્મ'ની વાત વિશદતાથી સ્પષ્ટ કરી આપી હતી. વિશેષે 'સતી' નાટ્યકાવ્યમાં આવતા રૂઢ ધર્મ અને હૃદયધર્મ વચ્ચેના સંઘર્ષને સમજાવી રવીન્દ્રનાથ કેવી રીતે હૃદયધર્મનો પુરસ્કાર કરે છે તે ઉદ્‌ઘાટિત કરી આપ્યું હતું. અભિનય / વાચિકમ્‌નું દિગ્દર્શન – માર્ગદર્શન શ્રી ચિરાગ મોદી અને શ્રી સુભાષ શાહે કર્યું હતું. અન્ય ત્રણે કલાકારોએ પોતાની ભૂમિકા ઉચિત અભિનય અને સંવાદો – વાચિકમ્‌થી રજૂ કરી હતી. શ્રી શૈલેષ પારેખે તેમના નિવાસસ્થાને સૌનું યજમાનપદ શોભાવ્યું હતું.

S

### 'પરબ' સ્થાયી ફંડમાં મળેલ દાન

| | |
|---|---|
| (૧) યોગેશ જોષી, અમદાવાદ | રૂ. ૫,૦૦૦ |
| (૨) ડૉ. દિલીપ મોદી, સુરત | રૂ. ૫,૦૦૦ |

r

# સાહિત્યવૃત્ત

સંકલન : પ્રફુલ્લ રાવલ

### સ્મૃતિ વ્યાખ્યાન અને નામસંસ્કરણ

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા સેન્ટ ઝેવિયર્સ લૉયેલા હાઈસ્કૂલથી અચલાયતન સોસાયટી સુધીના માર્ગને 'સાહિત્યકાર ડૉ. રમણલાલ જેઠાલાલ જોશી માર્ગ' એવું ૧૮-૫-૨૦૦૯ના રોજ નામસંસ્કરણ થયું હતું અને એ જ દિવસે 'ઉદ્દેશ' ફાઉન્ડેશનના ઉપક્રમે સુરેશ દલાલે પહેલું સ્મૃતિવ્યાખ્યાન આપ્યું હતું. તેમજ નીતિન વડગામા લિખિત 'રમણલાલ જોશી' પરિચય પુસ્તિકાનું વિમોચન થયું. વડગામાએ રમણલાલ જોશી વિષે પ્રાસંગિક કથન કર્યું હતું. પ્રબોધ ર. જોશીએ ભૂમિકા દર્શાવી હતી અને અંકિત ત્રિવેદીએ સંચાલન કર્યું હતું.

### જ્ઞાનતુલા અભિયાનમાં ભાવનગરના ત્રણ સર્જકોનાં પુસ્તકોનું લોકાર્પણ

રાજકોટમાં ગિજુભાઈ ભરાડ આયોજિત જ્ઞાનતુલા અભિયાનમાં માય ડિયર જયુ, નીતિન ત્રિવેદી અને અજય ઓઝા, મનસુખ સલ્લાના પુસ્તક અનુક્રમે 'છકડો અને બીજી વાતો', 'મનનો રાજા', 'મારે પણ એક મન હતું' અને 'મેરુનાં ચઢાણ'નો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કુલ ૪૧૦ પુસ્તકોનું લોકાર્પણ થયું હતું.

### 'પ્રેમાંજલિ' તથા 'શિવવાણી'નો લોકાર્પણવિધિ

૯ મેના રોજ સંજય ત્રિવેદીના 'પ્રેમાંજલિ' અને 'શિવવાણી' એ બે ગીતસંગ્રહોનું એમનાં માતૃશ્રી ભગવતીબહેનના હસ્તે લોકાર્પણ થયું હતું. મુક્તાનંદ બાપુ અને ગિજુભાઈ ભરાડ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નટવર આહલપરાએ કર્યું હતું.

### 'ઓપિનિયન – સમાંતર ગુજરાત' વેબસાઇટનું અવતરણ

૧૮ એપ્રિલના રોજ 'ઓપિનિયન – સમાંતર ગુજરાત' વેબસાઇટનું અવતરણ થયું છે. વળી 'ઓપિનિયન' સામયિકનો ડિજિટલ અવતાર પણ થયો છે.

### વાર્તાસ્પર્ધા-૨ ૨૦૧૦ / સ્વ. કેતન મુનશી પારિતોષિક અપાશે

સ્વ. કેતન મુનશીની સ્મૃતિમાં નર્મદ સાહિત્ય સભાએ વાર્તાસ્પર્ધા-૨ ૨૦૧૦નું આયોજન કર્યું છે. વાર્તાકારોને મૌલિક વાર્તા મોકલવા નિમંત્રણ છે. આ માટેના નિયમો આ મુજબ છે. (૧) ગુજરાતી ભાષામાં લખાયેલી અને પુસ્તકો-માસિકો-વર્તમાનપત્રો યા ટી.વી. અથવા રેડિયો પર ક્યાંય પ્રગટ ન થયેલી ટૂંકી વાર્તા મોકલવાની રહેશે. (૨) વાર્તા ૨૫૦૦થી ૩૦૦૦ શબ્દોથી મોટી હોવી જોઈએ નહિ. (૩) વાર્તાનું મૌલિક સર્જન ગુજરાતી ભાષામાં જ થયેલું હોવું જોઈએ. કોઈ પણ પ્રકારનું ભાષાંતર યા રૂપાંતર સ્વીકારવામાં નહિ આવે. (૪) નવલિકા પૃષ્ઠની એક જ બાજુએ એ-૪ સાઇઝના કાગળ પર ટાઇપ કૉપી હોવી આવશ્યક છે. હાથે લખેલી કૃતિઓ કોઈ પણ સંજોગોમાં સ્પર્ધામાં સ્વીકાર્ય રહેશે નહિ. (૫) નવલિકા પર સ્પર્ધકનું નામ લખવું નહિ. પણ વાર્તાનું શીર્ષક લખાયેલું હોવું જોઈએ.

અલગ કાગળ પર સ્પર્ધકનું નામ-સરનામું, ફોન-મોબાઇલ કે ઇ-મેઈલ ઍડ્રેસ તથા નવલિકાનું નામ લખવું. (૬) સ્પર્ધામાં વાર્તાકાર બેથી વધુ કૃતિ મોકલી શકશે નહિ. (૭) દર વર્ષે નવલિકાસ્પર્ધા થશે અને દર વર્ષે રૂ. ૨૫,૦૦૦/-નું પારિતોષિક અપાશે. જો કોઈક વર્ષમાં લાયક કૃતિ ન મળે ત્યારે આ પારિતોષિક નહીં આપવાનું નિયત થયું છે. (૮) આ સ્પર્ધામાં નર્મદ સાહિત્ય સભા દ્વારા નિમણૂક થયેલા નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે. (૯) આવેલી વાર્તાઓમાંથી શ્રેષ્ઠ પંદર વાર્તાઓને દર વર્ષે પુસ્તક રૂપે પ્રકાશિત કરાશે. એનો પુરસ્કાર અલગથી રૂ. ૨૫૧ અપાશે. તા. ૩૦-૯-૨૦૦૯ નવલિકા મોકલવાની અંતિમ તારીખ રહેશે. એ પછી મળેલ વાર્તાઓ સ્પર્ધા માટે સ્વીકાર્ય ગણાશે નહિ.

વાર્તા મોકલવાનું સરનામું : નર્મદ સાહિત્ય સભા, C/o. સાહિત્ય સંગમ, બાવાસીદી, ગોપીપરા, પંચોલી વાડીની સામે, ગોપીપરા, સૂરત-૩૯૫ ૦૦૧

r



પરિશ્રમ મને પ્રિય છે. પરસેવો પાડીને મેળવેલું પરિણામ જે આવે તે મીઠું લાગે છે. એ પરિણામ જાહેર જનતાને સંતોષે કે નહિ, એ પ્રશ્ન પછી ઊઠે છે. પહેલો પ્રશ્ન તો લેખકના પોતાના સંતોષનો છે.

હું એક કામ પૂરું કરું છું ત્યારે મારો સંતોષ એ હોય છે કે મારી શક્તિની સમગ્ર મર્યાદા આવી રહ્યા સુધી મેં મહેનત કરી છે. આથી વધુ સારું હું ન જ કરી શક્યો હોત. એ થઈ મારી શક્તિની મર્યાદા.

પણ હું મારી જાતને કદી એમ સમજાવી લેતો નથી કે મારી જાહેરમાં જે પ્રતિષ્ઠા થઈ ગઈ છે તેને આધારે હું જે કાંઈ ઘસડીને ફગાવીશ તે લોકો ચલાવી લેશે. ના, હું જાણું છું કે સાહિત્યકાર અને પત્રકારનું કશું જ લોકો શ્રીપુરાંતે રાખતા નથી.

અગાઉ તમે ખૂબ અચ્છી કૃતિઓ આપી છે એટલે એકાદ નબળી લોકો નિભાવી લેશે, એમ કદી ગણશો નહીં. એથી ઊલટું, અગાઉ તમે લોકોને જે આસ્વાદ કરાવ્યો હશે તેથી ઉચ્ચ વાચનની લોકો તમારી તરફથી અપેક્ષા રાખીને બેસશે. માટે બહેતર છે કે કંઈ વધુ ન આપો, પણ જે કાંઈ આપો તે તમારા ૧૦૦ ટકા શ્રમનું જ અને તમારો પોતાનો સંતોષ પ્રાપ્ત કરી શકેલું પરિણામ હોવું જોઈએ.

પછી શક્તિ જે નવા સીમાડા સર નથી કરી શકતી તે માટે વલખાં પણ શાં ? તમારો સ્વધર્મ તમારી શક્તિમર્યાદા તેમજ જે વર્ગને તમે પહોંચાડવા માગો છો તેની મર્યાદા નક્કી કરી લેવાનો છે.

**– ઝવેરચંદ મેઘાણી**

*સ્થાનસમર્પિત*

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




[**'યાત્રિક'** : પ્રબોધકુમાર સાન્યાલ, અનુ. સુજ્ઞા શાહ, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૮+૧૪૪, કિં. રૂ. ૯૫/-]

બંગાળી સાહિત્યના ખ્યાતિપ્રાપ્ત સર્જક પ્રબોધકુમાર સાન્યાલ એમની પ્રવાસકથાઓ – ભ્રમણવૃત્તના સર્જક તરીકે જાણીતા છે. એમના પ્રવાસવૃત્ત 'મહાપ્રસ્થાનેર પથે'નો ગુજરાતી અનુવાદ સુજ્ઞાબહેન શાહે તૈયાર કરી આપ્યો છે. આ ભ્રમણવૃત્ત ઉપરથી 'યાત્રિક' નામક સુંદર ફિલ્મ પણ બનીહતી. લેખકે ચાર યાત્રાધામોની યાત્રાના વિકટ માર્ગનું અને તેની પ્રકૃતિનું અદ્ભુત વર્ણન કરીને એને જીવંત બનાવી છે. યાત્રાના રસ્તે મળેલાં અજાણ્યાં સહયાત્રીઓનાં પાત્રો લેખકે કથામાં ખૂબીથી ગૂંથ્યાં છે. લેખક આવાં અજાણ્યાં સહયાત્રીઓ સાથે લાગણીના તંતુથી જોડાય છે, એનું માર્મિક આલેખન કરે છે, જે આ ભ્રમણવૃત્તની આગવી વિશેષતા છે.

સુજ્ઞાબહેન બંગાળી સાહિત્યનાં અભ્યાસી છે. એમણે પૂર્વે પણ બંગાળીમાંથી અનુવાદ કર્યા છે.

સદ્ગત હીરાલાલ પો. શાહની સ્મૃતિમાં પ્રગટ થયેલ પુસ્તક-પ્રકાશનશ્રેણીનું આ ચોથું પુસ્તક છે. સહૃદય ભાવકો આ ભ્રમણકથાને ઉમળકાભેર આવકારશે એવી અપેક્ષા છે.

[**'ધોધમાર'** : રેણુકા એમ. પટેલ, પ્ર. આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૮+૧૧૨, કિં. રૂ. ૭૦/-]




શ્રી બી. કે. મજુમદાર શ્રેણી અંતર્ગત આ વાર્તાસંગ્રહ 'ધોધમાર' બાવીસમા મણકા રૂપે પ્રગટ થઈ રહ્યો છે. આ સંગ્રહના વાર્તાકાર રેણુકા એચ. પટેલે વાર્તાસર્જનનો આરંભ હિન્દી સામયિક 'સરિતા' દ્વારા યોજાયેલી વાર્તાસ્પર્ધામાં પુરસ્કૃત થયેલી વાર્તાની પ્રેરણાથી કર્યો છે. એ પછી એમણે ગુજરાતીમાં વાર્તાલેખન આરંભ્યું અને ગુજરાતી સાહિત્યનાં વિવિધ સામયિકોમાં એમની વાર્તાઓ પ્રકાશિત થતી રહી છે. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત એનીબહેન સરૈયા વાર્તાસ્પર્ધામાં એમની વાર્તા 'હું : આલોક જોષી' પ્રથમ સ્થાને પુરસ્કૃત થઈ છે. નારીચેતનાના નિરૂપણમાં સક્રિય રસ દાખવનાર વાર્તાકાર રેણુકાબહેનનો આ પ્રથમ વાર્તાસંગ્રહ છે. એમની મોટાભાગની વાર્તાઓમાં સ્ત્રી કેન્દ્રસ્થાને રહી છે. 'હું આવું ?', 'અનુનો ઓરડો', 'પોટલી', 'માનસપુત્રી', 'ગૃહપ્રવેશ' વગેરેમાં સ્ત્રી અને સ્ત્રી વચ્ચેના લાગણીભીના સંબંધોના તાણાવાણાની વાત છે. વાર્તારસિક વાચકોને આ સંગ્રહ દ્વારા વાર્તાવાચનનો આનંદ સાંપડશે એવી આશા છે.

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭



## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




[**'ઉઘાડા આકાશનો એક ટુકડો'** : સુહાસ ઓઝા, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૦+૧૪૬, કિં. રૂ. ૯૦/-]

ગુજરાતી સાહિત્ય પરિષદની શતાબ્દી ગ્રંથશ્રેણીનું આ ચોત્રીસમું પુસ્તક છે. આ વાર્તાસંગ્રહનાં લેખિકા સુહાસબહેન ઓઝા વાર્તાકાર ઉપરાંત નવલકથાકાર તેમજ કવયિત્રી પણ છે. જીવનની ચડતી-પડતી અને સુખ-દુઃખને પચાવી જાણનાર વ્યક્તિના હૃદયમાં અનેક સંવેદનાઓ જાગે છે. આ વિવિધ સંવેદનાની સચ્ચાઈને લેખિકાએ આ વાર્તાઓમાં વાચા આપી છે. વળી, એમની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનું નિરૂપણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. સાઈઠના દાયકાથી આરંભાયેલી તેમની વાર્તાલેખનની યાત્રા ચાર દાયકાથી વધુ સમયમાં વિસ્તરે છે. એમની કેટલીક વાર્તાઓનો અંગ્રેજી અને હિંદીમાં અનુવાદ થયો છે.

સુરતી મોઢ વણિક જ્ઞાતિના મુખપત્ર 'જ્યોતિર્ધર'ના સૌજન્યથી પુસ્તક-પ્રકાશનાર્થે ગુજરાતી સાહિત્ય પરિષદને મળેલ આર્થિક સહયોગથી આ વાર્તાસંગ્રહ પ્રગટ થાય છે. ભાવકો આ વાર્તાસંગ્રહને આવકારશે એવી આશા છે.

[**'ગુજરાતી નાટક'** : સતીશ વ્યાસ, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, પાકું પૂંઠું, પૃ. ૮+૩૨૬, કિં. રૂ. ૧૭૫]




ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાય-મંદિર અંતર્ગત શ્રી ભોગીલાલ સાંડેસરા સ્વાધ્યાયપીઠના સંશોધક અધ્યાપક તરીકે વરાયેલા, ગુજરાતીના જાણીતા નાટ્યલેખક અને વિવેચક શ્રી સતીશભાઈ વ્યાસના સ્વાધ્યાયના ફળસ્વરૂપે 'ગુજરાતી નાટક' (વિવેચન) પ્રકાશિત થાય છે. દલપતરામકૃત 'લક્ષ્મી નાટક'થી આરંભાઈને પરેશ નાયકકૃત નાટક 'ઈ.સ. ૨૦૨૨' સુધી વિસ્તરતા આ પુસ્તકમાં ગુજરાતી નાટકનાં ભરતીઓટ વિશે જ નહીં, યુગકારી પ્રભાવ અને તેનાં પરિબળો વિશે વિચારણા થઈ. નાટ્યસમીક્ષાની પૂર્વે લેખકે એક વિશિષ્ટ સ્વરૂપ લેખે નાટકની વિલક્ષણતાઓ ચીંધી છે; એટલું જ નહીં, નાટ્યસર્જનની પ્રક્રિયા અને પ્રસ્તુતિનો પણ વિચાર કર્યો છે. અહીં પારસી નાટકોની વાત છે, તેમજ ઉમાશંકરના અગ્રંથસ્થ 'અનાથ' નાટકની પણ વાત છે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાતી નાટકોનાં સ્થિત્યંતરોનું અહીં આલેખન થયું છે. અપેક્ષા છે નાટ્યલેખન-વિવેચન અને નિર્માણ – ઉભય પક્ષે કાર્યરત સૌને આ ગ્રંથની સહાય મળશે.

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭